


PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 337
Dt.: 18-08-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa


### નિયમ ન માને તો એરલાઈન્સની ઉડાન રોકો : સુપ્રીમ

# તહેવારોમાં વિમાન ભાડામાં લૂંટ મુદ્દે સુપ્રીમ કોર્ટ લાલઘૂમ



### ASG અનિલ કૌશિકે કહ્યું કે, હવાઈ ભાડાના નિયમો બનાવવાની પ્રક્રિયા ૩ અઠવાડિયામાં પૂરી થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

તહેવારો અને રજાઓ દરમિયાન હવાઈ ટિકિટના ભાડામાં અચાનક થતા આડેધડ વધારા અંગે સુપ્રીમ કોર્ટે સોમવારે કડક વલણ અપનાવતા કહ્યું છે કે, જો એરલાઈન્સ નિયમોનું પાલન ન કરતી હોય તો તેમની ઉડાનો જ રોકી દેવી જોઈએ. તહેવારોના સમયે હવાઈ ભાડા વધારવા સામે દાખલ કરવામાં આવેલી અરજી પર જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠે અવલોકન કર્યું હતું કે, મુસાફરોના હિતમાં જે વ્યવસ્થાઓ બનાવવામાં આવી છે, તેના પાલન અને નિયમન અંગે હાલ ચિત્ર સ્પષ્ટ નથી. સુનાવણી દરમિયાન એડિશનલ સોલિસિટર જનરલ (ASG) અનિલ કૌશિકે કોર્ટને જણાવ્યું હતું કે, હવાઈ ભાડા અને ચાર્જિસ સંબંધિત નિયમો બનાવવાની પ્રક્રિયા આખરી તબક્કામાં છે, અને તેને પૂર્ણ થવામાં ૩ અઠવાડિયાનો સમય લાગશે. સુપ્રીમ કોર્ટે ૩ અઠવાડિયાનો સમય આપતા આ મામલે આગામી સુનાવણી ૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ નક્કી કરી છે. અરજીકર્તા સામાજિક કાર્યકર્તા એસ. લક્ષ્મીનારાયણને કોર્ટમાં રજૂઆત કરી હતી કે, ખાનગી એરલાઈન્સ અન્યાયી રીતે હવાઈ ભાડા નક્કી કરે છે, અને વધારાના ચાર્જિસ વસૂલે છે. તેમણે સ્પષ્ટ નિયમો બનાવવા અને તેના પાલન માટે એક રેગ્યુલેટરી બોડી(નિયામક સંસ્થા) બનાવવાની માગ કરી હતી. સુનાવણી દરમિયાન અરજીકર્તાએ દુઃખ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીએ સંસદમાં કહ્યું છે કે અમે કંઈ કરી શકતા નથી અને કોઈ કેપિંગ(મર્યાદા) લગાવી શકતા નથી. અગાઉની સુનાવણીમાં પણ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે, એરલાઈન્સ દ્વારા મનસ્વી રીતે દરો નક્કી કરવા એ મુસાફરોનું શોષણ કરવા સમાન છે, અને સરકારે મુસાફરોને રાહત આપવા પગલાં ભરવા જોઈએ.

### વિકાસથી લઈને રોજગાર સુધીના મુદ્દાઓ પર ચર્ચા

## મુખ્યમંત્રી ફડણવીસની પીએમ મોદી સાથે મુલાકાત

### મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન મોદી સાથે થયેલી ચર્ચા અત્યંત સકારાત્મક અને માર્ગદર્શન આપનારી રહી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સોમવારે નવી દિલ્હીમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરીને વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી. આ દરમિયાન મુખ્યમંત્રીએ વડાપ્રધાનને મહારાષ્ટ્રમાં ચાલી રહેલા વિકાસ કાર્યો, માળખાકીય સુવિધાઓની યોજનાઓ તથા કેન્દ્ર અને રાજ્ય સરકારના સંકલનથી ચાલી રહેલી યોજનાઓની પ્રગતિની માહિતી આપી હતી.મુખ્યમંત્રી ફડણવીસે વડાપ્રધાન મોદીને રાજ્યના વિવિધ વિકાસ પ્રકલ્પોની વિગતવાર માહિતી આપતાં કહ્યું કે મહારાષ્ટ્રને દેશની વિકાસયાત્રામાં અગ્રેસર રાખવા માટે કેન્દ્ર સરકારનો સહયોગ મહત્વપૂર્ણ છે. તેમણે અનેક મહત્વપૂર્ણ યોજનાઓ અને પ્રકલ્પો માટે કેન્દ્ર સરકાર પાસેથી સતત સહયોગની વિનંતી પણ કરી.



મુલાકાત બાદ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના સફળ નેતા છે. તેઓ ભારતને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવવાનું કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન સાથે થયેલી ચર્ચા અત્યંત સકારાત્મક અને માર્ગદર્શન આપનારી રહી છે.મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કહ્યું કે, મેં વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીને મહારાષ્ટ્રના વિવિધ વિકાસ પ્રકલ્પોની વિગતવાર માહિતી આપી તથા કેન્દ્ર અને રાજ્ય સરકારના સંકલનથી ચાલી રહેલી યોજનાઓ અને પ્રકલ્પો અંગે ચર્ચા કરી હતી. હંમેશાની જેમ તેમની મુલાકાત નવી ઊર્જા આપનારી રહી. વિકાસ સાથે જોડાયેલા મુદ્દાઓ પર તેમનું અમૂલ્ય માર્ગદર્શન અને મહારાષ્ટ્રને મળતું તેમનું મજબૂત સમર્થન અમારા માટે પ્રેરણાદાયક છે. આ માટે હું તેમનો હૃદયપૂર્વક આભારી છું. આ મુલાકાત દરમિયાન મહારાષ્ટ્રમાં રોકાણ, માળખાકીય વિકાસ, રોજગાર સર્જન, ખેતી, ઉદ્યોગ, પરિવહન તથા અન્ય જનકલ્યાણકારી યોજનાઓ સાથે જોડાયેલા મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ હતી. મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે કેન્દ્ર અને રાજ્ય સરકારના વધુ સારા સંકલનથી મહારાષ્ટ્રના વિકાસને વધુ ગતિ મળશે અને રાજ્યના નાગરિકોને તેનો વ્યાપક લાભ મળશે. CM દેવેન્દ્ર ફડણવીસની PM મોદી સાથે થયેલી મુલાકાત સંપૂર્ણપણે રાજ્યના વિકાસના મુદ્દાઓ પર કેન્દ્રિત રહી હતી. CM ફડણવીસે કેન્દ્ર સરકાર તરફથી મળી રહેલા સહયોગ બદલ PM મોદીનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

### ગુજરાત સહીત ૧૪ રાજ્યમાં ૨૦૦થી વધુ ઝડપાયા

## ISI સમર્થિત શહેઝાદ ભટ્ટીના દેશવ્યાપી નેટવર્ક પર સુરક્ષાદળોનો હથોડો

### સ્વતંત્રતા દિવસ પહેલા, મોદી સરકારે ISI સમર્થિત શહેઝાદ ભટ્ટીના દેશવ્યાપી આતંકવાદી નેટવર્કનો સફાયો કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે, સોમવારે સોશિયલ મીડિયા થકી જાહેરાત કરી હતી કે, સ્વતંત્રતા દિવસ પહેલા ISI સમર્થિત શહેઝાદ ભટ્ટીના આતંકવાદી નેટવર્કનો સફાયો કરવામાં આવ્યો હતો. સુરક્ષા દળોએ ખતરનાક હુમલાઓ કરવાની આતંકવાદીઓની યોજનાઓને નિષ્ફળ બનાવી હતી. અમિત શાહે, સોશિયલ મીડિયામાં કરેલ પોસ્ટમાં જણાવ્યું હતું કે ૧૪ રાજ્યોમાં સંકલિત કામગીરી દ્વારા આંતકી નેટવર્કના ૨૦૦ થી વધુ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા ટ્વીટર કે જે હવે X તરીકે ઓળખાય છે તેના પર કરેલ પોસ્ટમાં, અમિત શાહે જણાવ્યું હતું કે, મોદી સરકારે સ્વતંત્રતા દિવસ પહેલા ISI સમર્થિત શહેઝાદ ભટ્ટી આતંકવાદી નેટવર્કનો નાશ કર્યો હતો અને ૨૦૦ થી વધુ કાર્યકરોની ધરપકડ કરીને ખતરનાક હુમલાઓની તેની યોજનાઓને નિષ્ફળ બનાવી હતી.

તેમણે વધુમાં ઉમેર્યું કે, ભારતીય સુરક્ષા દળોએ ૧૪ રાજ્યોમાં વિવિધ સ્થળોએ સંકલિત કાર્યવાહી શરૂ કરીને નેટવર્કનો નાશ કર્યો છે. જે આતંકવાદ પ્રત્યે ભારતની શૂન્ય-સહિષ્ણુતા નીતિનું એક તેજસ્વી ઉદાહરણ છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, ISI દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલા જૂથમાંથી મળી આવેલી વસ્તુઓમાં ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED), પાકિસ્તાન ઓર્ડનન્સ ફેક્ટરીના નિશાનવાળા ગ્રેનેડ, પિસ્તોલ, જીવંત દારૂગોળો અને દેખરેખ માટે ઉપયોગમાં લેવાતા CCTV કેમેરાનો સમાવેશ થાય છે. વધુમાં, નેટવર્ક અનેક આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હતું. સોમવારે જાહેર કરાયેલ એક પ્રેસ રિલીઝમાં, ગૃહ મંત્રાલયે જાહેરાત કરી હતી કે, ઘણા રાજ્યોમાં ફેલાયેલા એક મોટા ઓપરેશન દરમિયાન આતંકવાદી સિન્ડિકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો, જેના પરિણામે ૧૪ રાજ્યોમાં ૨૫૩ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે, સરહદ પાર આતંકવાદ પ્રત્યે 'શૂન્ય-સહિષ્ણુતા' નીતિ અનુસાર, શહજાદ ભટ્ટી નેટવર્કના સંબંધમાં ૮૦ થી વધુ FIR નોંધવામાં આવી છે અને ૨૦૦ થી વધુ ધરપકડ કરવામાં આવી છે. પ્રેસ રિલીઝમાં જણાવાયું છે કે શહજાદ ભટ્ટી નેટવર્ક (SBN) એ પાકિસ્તાનમાં કાર્યરત ISI-સમર્થિત આતંકવાદી સિન્ડિકેટ છે, જે ગ્રેનેડ, IED અને પેટ્રોલ બોમ્બ હુમલાઓ તેમજ સમગ્ર ભારતમાં લક્ષિત હત્યાઓ સાથે જોડાયેલું છે. તેમાં વધુમાં જણાવ્યું છે કે આતંકવાદી જૂથ પોલીસ, સંરક્ષણ અને ધાર્મિક સ્થળોની જાસૂસી કરવા અને દેખરેખ હેતુ માટે CCTV કેમેરા ઈન્સ્ટોલ કરવા માટે સ્થાનિક લોકોને પૈસા ચૂકવી રહ્યું હતું. તેમાં ઉલ્લેખ છે કે ૧૨ ઓગસ્ટના રોજ, SBN દ્વારા ઉભા થયેલા જોખમોનો સામનો કરવા માટે રાજ્ય પોલીસ દળોના સહયોગથી – રીઅલ-ટાઈમ ઈન્ટેલિજન્સ-શેરિંગ સિસ્ટમનો ઉપયોગ કરીને – એક સંકલિત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે આના કારણે ૧૪ રાજ્યોમાં ૨૫૩ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી હતી. ઉત્તર પ્રદેશ (૯૨), હરિયાણા (૫૨), દિલ્હી (૫૧), પંજાબ (૪૪), રાજસ્થાન (૧૫), મહારાષ્ટ્ર (૮), ઉત્તરાખંડ (૫), કર્ણાટક, ગુજરાત અને બિહાર (૩-૩), અને તેલંગાણા, હિમાચલ પ્રદેશ, J&K, અને કેરળ (૨-૨) – અને દિલ્હી અને કર્ણાટકમાં નવી FIR નોંધવામાં આવી હતી.

## રશિયા પર યુક્રેનની મોટી એરસ્ટ્રાઈક, એકસાથે ૮૨૨ ડ્રોનથી કર્યો હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

રશિયા-યુક્રેન વચ્ચે તણાવ ચરમસીમા પર છે. બન્ને દેશો એકબીજા પર હવે તાબડતોડ હુમલા કરી રહ્યા છે. આ વચ્ચે યુક્રેને રવિવારે રશિયાના વિવિધ વિસ્તારો પર સેંકડો ડ્રોનથી હુમલો કર્યો. આ હુમલામાં ઓછામાં ઓછા ૮ લોકોના મોત થયા છે. આ યુદ્ધ શરૂ થયા બાદથી યુક્રેનનો સૌથી મોટો હવાઈ હુમલો માનવામાં આવી રહ્યો છે. રશિયાના રક્ષા મંત્રાલયે કહ્યું કે, રાતોરાત તેમણે ૮૨૨ યુક્રેનિયન ડ્રોન નષ્ટ કરી દીધા. તેમાંથી લગભગ ૬૦૦ ડ્રોન રશિયાની રાજધાની મોસ્કો તરફ વધી રહ્યા હતા. મોસ્કોના મેયર સેર્ગેઈ સોબ્યાનિનના અનુસાર, તેમાંથી લગભગ એક તૃતીયાંશ મોસ્કો ક્ષેત્રમાં જ તોડી પાડવામાં આવ્યા. દક્ષિણ-પશ્ચિમી રોસ્તોવ ક્ષેત્રના ગવર્નર યુરી સ્લ્યૂસરે જણાવ્યું કે, ક્ષેત્રના ત્રણ શહેરો પર થયેલા ડ્રોન હુમલામાં ૫ લોકોના મોત થયા છે. હુમલામાં ૧૫૦થી વધુ ડ્રોન સામેલ હતા, જેનાથી અનેક ઘરો અને એક રેલવે સ્ટેશનને નુકસાન પહોંચ્યું તથા જંગલમાં આગ લાગી. મોસ્કો ક્ષેત્રમાં ગવર્નર આંદ્રેઈ વોરોબ્યોવે કહ્યું કે, એક યુક્રેનિયન ડ્રોન ખાનગી મકાન પર પડવાથી ૮૩ વર્ષીય વ્યક્તિનું મોત થયું છે. પોડોલ્સ્ક શહેરમાં વાઈલ્ડબેરીઝના એક ગોડાઉનમાં પણ આગ લાગી. બીજીતરફ રશિયાએ યુક્રેનમાં અનેક ઠેકાણાઓ પર હુમલો કર્યો છે. પ્રેસિડેન્ટ વોલોદિમીર ઝેલેન્સ્કીએ જણાવ્યું કે, ક્વિી રિહ પર રશિયન મિસાઈલ હુમલામાં બે લોકોના મોત થયા અને ૧૪ લોકો ઘાયલ થયા છે.

સુમીમાં વધુ એક વ્યક્તિનું મોત થયું છે. દક્ષિણી જાપોરિઝ્જિયા ક્ષેત્રમાં સ્થાનિક લશ્કરી વહીવટીતંત્રના પ્રમુખ ઈવાન ફેડોરોવે કહ્યું કે, ઘર પર થયેલા હુમલામાં એક પુરુષ અને એક મહિલાનું મોત થયું. કુલ મળીને યુક્રેનમાં પાંચ લોકોએ જીવ ગુમાવ્યા છે.

કીવમાં રશિયાના હુમલાઓથી આગ લાગી અને છ લોકો ઘાયલ થયા. પોચૈના મેટ્રો સ્ટેશન પાસે એક મોટા બુક માર્કેટમાં પણ આગ લાગી, જેનાથી કાળો ધુમાડો નીકળ્યો અને અનેક કિઓસ્ક તથા પવેલિયન ક્ષતિગ્રસ્ત થઈ ગયા. ઝેલેન્સ્કીએ કહ્યું કે, રશિયા જ્યાં પણ પહોંચી શકે છે, ત્યાં નાગરિક પાયાની માળખાકીય સુવિધાઓ પર બેલેસ્ટિક મિસાઈલોથી હુમલો કરે છે." રશિયાના રક્ષા મંત્રાલયનો દાવો છે કે, તેમણે ક્વિી રિહના ધાતુશાસ્ત્રીય પ્લાન્ટ અને કીવમાં અનેક સૈન્ય-ઔદ્યોગિક ઠેકાણાઓને નિશાન બનાવ્યા, જેમાં યુક્રેનની ફ્લેમિંગો મિસાઈલો બનાવવાની સુવિધા પણ સામેલ છે. હાલના આ હુમલાઓથી બન્ને દેશો વચ્ચે વધતા હવાઈ યુદ્ધનો સંકેત મળે છે, જેમાં મોરચાથી દૂરના વિસ્તારોને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા છે. યુક્રેન આ વર્ષે રશિયા પર હુમલા વધારી રહ્યું છે અને સૈન્ય ઉદ્યોગ તેમજ ઉર્જા સુવિધાઓ વિરુદ્ધ લાંબા અંતરની મિસાઈલો તથા ડ્રોનના ઝુંડનો ઉપયોગ કરી રહ્યું છે.

## વડાપ્રધાન મોદીની ટિપ્પણી વિરુદ્ધ કેજરીવાલ પણ મેદાને

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી(AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે પીએમ મોદી દ્વારા કરવામાં આવેલી એક ટિપ્પણીનો જવાબ આપતા પોતાને દિમાગી નક્સલ ગણાવ્યા છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરેલા એક વીડિયોમાં તેમણે જણાવ્યું કે, હું દેશભક્ત છે અને આ વાત પર મને ગર્વ છે. જો આજે શહીદ ભગતસિંહ અને બાબા સાહેબ ભીમરાવ આંબેડકર જીવિત હોત, તો વડાપ્રધાને તેમને પણ દિમાગી નક્સલ જ કહ્યા હોત.

અરવિંદ કેજરીવાલ પહેલાં પૂર્વ ગૃહમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે પણ પોતાને દિમાગી નક્સલ ગણાવ્યા હતા. ત્યારબાદ જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતીએ પણ પોતાના માટે આ જ શબ્દનો ઉપયોગ કર્યો હતો.

અરવિંદ કેજરીવાલે વડાપ્રધાનની ટિપ્પણીનો અર્થ સમજાવતાં કહ્યું કે, વડાપ્રધાનના મતે જે વ્યક્તિ પ્રશ્નો પૂછે છે અને શિક્ષણ વ્યવસ્થામાં સુધારો લાવવા માંગે છે તે દિમાગી નક્સલ છે.

### વિદેશી રોકાણકારો ફરી એક્ટિવ!

## ભારતીય શેરોમાં સતત બીજા મહિને મોટું રોકાણ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય શેરબજાર પ્રત્યે વિદેશી રોકાણકારો (FPI)નો વિશ્વાસ ફરી મજબૂત બનતો જોવા મળી રહ્યો છે. સતત ચાર મહિના સુધી થયેલી ભારે વેચવાલી બાદ હવે જુલાઈ અને ઓગસ્ટમાં વિદેશી રોકાણકારોએ જોરદાર ખરીદી કરી છે. ઓગસ્ટના પ્રથમ ૧૫ દિવસમાં જ FPIએ ભારતીય ઈક્વિટીમાં રૂ.૧૬,૬૨૧ કરોડનું રોકાણ કર્યું છે. તે પહેલાં જુલાઈમાં પણ આશરે રૂ.૨૦,૨૦૦ કરોડની નેટ ખરીદી નોંધાઈ હતી.

જુલાઈ અને ઓગસ્ટની ખરીદીથી બજારમાં સકારાત્મક માહોલ બન્યો છે, પરંતુ સમગ્ર વર્ષ ૨૦૨૬ના આંકડા જોઈએ તો વિદેશી રોકાણકારો હજુ પણ નેટ સેલર છે.

માર્ચમાં FPIએ આશરે રૂ.૧.૧૭ લાખ કરોડની સૌથી મોટી ઉપાડ કરી હતી. ત્યારબાદ એપ્રિલમાં રૂ.૬૦,૮૪૭ કરોડ, મેમાં રૂ.૩૨,૯૬૩ કરોડ અને જૂનમાં રૂ.૪૯,૩૪૦ કરોડની વેચવાલી નોંધાઈ હતી. ફેબ્રુઆરીમાં માત્ર રૂ.૨૨,૬૧૫ કરોડનું રોકાણ આવ્યું હતું. પરિણામે ૨૦૨૬માં અત્યાર સુધી કુલ નેટ ઉપાડ આશરે રૂ.૨.૪ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે, જે સમગ્ર ૨૦૨૫ની લગભગ રૂ.૧.૬૬ લાખ કરોડની વેચવાલી કરતાં પણ વધુ છે.

બજાર નિષ્ણાતોના મતે ભારત પ્રત્યે વધતા વિશ્વાસ પાછળ અનેક મહત્વના પરિબળો જવાબદાર છે, જેમકે ભારતીય શેરોનું આકર્ષક વેલ્યુએશન, કંપનીઓના મજબૂત ત્રિમાસિક પરિણામો, અમેરિકામાં વ્યાજદર ઘટાડાની સંભાવના, કાચા તેલના નરમ ભાવ અને રૂપિયાની તુલનાત્મક સ્થિરતાનો સમાવેશ થાય છે. વલ્લભ કેપિટલના CEO અને પોર્ટફોલિયો મેનેજર મનીષ ભંડારીના જણાવ્યા અનુસાર, મજબૂત કોર્પોરેટ કમાણી અને અનુકૂળ વૈશ્વિક પરિસ્થિતિ ભારતને વિદેશી રોકાણ માટે વધુ આકર્ષક બજાર બનાવે છે.

માર્કેટ એનાલિસ્ટ્સનું માનવું છે કે દક્ષિણ કોરિયા અને તાઈવાનના ચીં તથા ટેક્નોલોજી શેરોમાં ભારે તેજી બાદ ઘણા વૈશ્વિક રોકાણકારો હવે પોતાના પોર્ટફોલિયોમાં સંતુલન લાવી રહ્યા છે. ઊંચા વેલ્યુએશનને કારણે કેટલાક ફંડોએ ત્યાંથી નફો બુક કરીને ભારત જેવા ઉભરતા બજારોમાં મૂડી ખસેડવાની શરૂઆત કરી છે.

ટ્રેકના કો-ફાઉન્ડર અને CEO વેદાંત ગુપ્તેના જણાવ્યા પ્રમાણે, ઓગસ્ટમાં FPIની વાપસી એ સંકેત આપે છે કે અગાઉની વેચવાલી માત્ર ભારતને લઈને ચિંતાના કારણે નહોતી, પરંતુ તેમાં વૈશ્વિક આર્થિક પરિસ્થિતિની પણ મોટી ભૂમિકા હતી.

આવનારા મહિનાઓમાં વિદેશી રોકાણકારોનું વલણ મુખ્યત્વે વૈશ્વિક આર્થિક સંકેતો પર આધારિત રહેશે. યુએસ બોન્ડ યીલ્ડ, ડોલર ઈન્ડેક્સ, ક્રૂડ ઓઈલના ભાવ અને કોર્પોરેટ કમાણીના સુધારા જેવા પરિબળો FPI પ્રવાહની દિશા નક્કી કરી શકે છે.

નિષ્ણાતોનું માનવું છે કે હાલની ખરીદી ચોક્કસપણે સકારાત્મક સંકેત છે, પરંતુ વર્ષ દરમિયાન થયેલી ભારે વેચવાલીને ધ્યાનમાં લેતા FPIના વલણમાં કાયમી ફેરફાર થયો છે એવું કહેવું હજુ વહેલું ગણાશે. આગામી મહિનાઓમાં વૈશ્વિક બજારની સ્થિતિ જ આ ઘર વાપસી કેટલી મજબૂત છે તે નક્કી કરશે.




# તંત્રી લેખ......

## સ્પેનના દરિયાકિનારે હજારો પ્રવાસીઓનો ભારે હંગામો

સ્પેનના ઉત્તરી આફ્રિકા સ્થિત વિસ્તાર સ્યુટામાં તાજેતરમાં ઘૂસણખોરી કરનારા સેંકડો પ્રવાસીઓએ રવિવારે શહેરના એક લોકપ્રિય સમુદ્ર કિનારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ લોકોનો દાવો છે કે તેમને મોરોક્કો પાછા મોકલવાને બદલે સ્પેન સરકાર દ્વારા શરણ આપવામાં આવે. ઉલ્લેખનીય છે કે બે અઠવાડિયા પહેલા થયેલી મોટા પાયાની ઘૂસણખોરી બાદ હજુ પણ અંદાજે ૫૦૦૦થી ૮૦૦૦ જેટલા પ્રવાસીઓ સ્યુટામાં રોકાયેલા છે. આ ઘટના દરમિયાન માત્ર ૮૦,૦૦૦ની વસ્તી ધરાવતા આ નાનકડા વિસ્તારમાં ૭૨,૦૦૦થી વધુ લોકો પ્રવેશી ગયા હતા, જેમાંથી મોટાભાગના લોકો બાદમાં પોતાની મરજીથી પરત ફરી ગયા હતા.

શહેરના સંસાધનો પર ભારે દબાણ વધવાના કારણે મોટાભાગના પ્રવાસીઓ એલ ત્રામ્પોલિન બીચ અથવા શહેરના બહારના વિસ્તારોમાં અત્યંત ખરાબ પરિસ્થિતિમાં દિવસો વિતાવી રહ્યા છે. તેઓ યુરોપના મુખ્ય ભૂમિભાગ તરફ આગળ વધવાની તકની રાહ જોઈ રહ્યા છે. પ્રદર્શનકારીઓએ સ્પેનના ઝંડા અને બેનરો સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા, જેમાં તેમણે મોરોક્કો પરત ન જવાની અને માનવીય ધોરણે ઉકેલ લાવવાની અપીલ કરી હતી. સ્થાનિક પોલીસ તેમને શહેરના મુખ્ય વિસ્તારમાં પ્રવેશતા રોકી રહી છે.

બીજી તરફ સ્પેન સરકારે આ મામલે કડક વલણ અપનાવ્યું છે. દેશના ગૃહમંત્રી ફર્નાન્ડો ગ્રાન્ડે-માર્લાસ્કાએ સ્પષ્ટ કર્યું છે કે જે પ્રવાસીઓ ગેરકાયદેસર રીતે પ્રવેશેલા છે, તેમને આ વિસ્તારમાં રહેવા, સ્પેનની મુખ્ય જમીન પર જવા કે કોઈ કાનૂની દરજ્જો મેળવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. માત્ર અત્યંત અસુરક્ષિત અને વિશિષ્ટ કિસ્સાઓમાં જ અપવાદરૂપે છૂટછાટ મળી શકે છે. હાલમાં સ્યુટામાં અટવાયેલા પ્રવાસીઓ શરણની માંગ પર અડગ છે, જ્યારે સરકાર પોતાના નિર્ણય પર મક્કમ છે.

### રેલો આવતા ભાજપના નેતાને થુંકેલુ ચાટવાનો વારો આવ્યો : માંગવી પડી હાઈકોર્ટ અને જજની માફી

# રેલો આવતા ભાજપના નેતાને થુંકેલુ ચાટવાનો વારો આવ્યો : માંગવી પડી માફી : ડીસીપી નકુમના સમર્થનમાં ગુજરાત હાઈકોર્ટના જજ વિશે શેર કરી હતી વિવાદીત પોસ્ટ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતમાં આરોપીઓના જાહેર સરઘસ અને પોલીસ કાર્યવાહી અંગે હાઈકોર્ટના કડક વલણ વચ્ચે ભાજપના પ્રદેશ સ્તરના નેતા મુકેશ ગુજરાતીની કથિત સોશીયલ મીડીયા પોસ્ટ ચર્ચામાં આવી હતી. વિવાદ બાદ તેમણે પોસ્ટ હટાવી ન્યાયતંત્ર અને હાઈકોર્ટ પ્રત્યે આદર વ્યકત કરતી નવી પોસ્ટ ફેસબુકમાં શેર કરીને માફી માંગી છે. સુરતમાં આરોપીઓને જાહેરમાં લઈ જઈ માર મરવાના કથિત બનાવને લઈને ગુજરાત હાઈકોર્ટનુ કડક વલણ સામે આવ્યા બાદ હવે આ મામલે રાજકીય અને સોશીયલ મીડીયા વિવાદ પણ જોડાયો છે. ભાજપના પ્રદેશ કક્ષાના નેતા મુકેશ ગુજરાતી દ્વારા ડીસીપી રાજદીપસિંહ નકુમના સમર્થનમાં સોશીયલ મીડીયા પર કરાયેલી કથિત પોસ્ટમાં હાઈકોર્ટના ન્યાયાધીશની કામગીરી અંગે સવાલ ઉઠાવવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પોસ્ટમાં ડીસીપી નકુમ જેવા અધિકારીઓને કડક કાર્યવાહી થી રોકવાથી ગુન્હાખોરી વધશે કે કેમ તે પ્રકારની ભાષાનો ઉપયોગ થયો



હોવાનુ બહાર આવ્યુ હતું. જો કે આ પોસ્ટને લઈને વિવાદ ઉભો થયા બાદ મુકેશ ગુજરાતીએ કથિત રીતે મુળ પોસ્ટ રદ કરી અને ત્યારબાદ સોશીયલ મીડીયા પર સ્પષ્ટતા તથા માફી માંગતી પોસ્ટ મુકી હોવાનુ જણાવાયુ છે. તેમાં તેમણે ગુજરાત હાઈકોર્ટ તથા ન્યાયતંત્ર પ્રત્યે સંપૂર્ણ આસ્થા, આદર અને સન્માન હોવાનુ જણાવ્યુ છે. તેમણે પોતાની અગાઉની પોસ્ટનો હેતુ હાઈકોર્ટની ગરીમા, કાર્યવાહી અથવા કોઈ આદેશનો અનાદર કરવાનો ન હતો એવો ખુલાસો કર્યો છે. ઉપલબ્ધ જાહેર અહેવાલોમાં આ સમગ્ર સોશીયલ મીડીયા ઘટનાની સ્વતંત્ર સત્તાવાર પુષ્ટી મર્યાદીત હોવાથી મુળ પોસ્ટ અને બાદની પોસ્ટના સંપૂર્ણ સંદર્ભને ધ્યાનમાં રાખવો જરૂરી છે. આ સમગ્ર મામલાની પૃષ્ટ ભુમિ સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી ઘટનાથી જોડાયેલી છે. મીડીયા અહેવાલો અનુસાર હત્યાના પ્રયાસના કેસમાં ૫ આરોપીઓની ધરપકડ બાદ તેમને જાહેર રસ્તા પર લઈ જઈ માર મારવામાં આવ્યો હતો. આરોપીઓ સાથે પોલીસ દ્વારા મારપીટ કરવામાં આવી હોવાના વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ થયા હતા. વિડીયોમાં ડીસીપી રાજદીપસિંહ નકુમ સહિત પોલીસ કર્મીઓ આરોપીઓને લઈ જતા અને તેમની સાથે મારપીટ કરતા દેખાતા હોવાના અહેવાલો પ્રકાશિત થયા હતા.

### ભરૂચ પોલીસ માત્ર સુરક્ષા જ નહીં, પરંતુ પ્રજાના આર્થિક અને સામાજિક ઉત્થાનમાં પણ મહત્વની ભાગીદાર બની રહી છે - નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ભરૂચ જિલ્લાને મળી રૂ. ૪૮૨ કરોડના વિવિધ પ્રકલ્પોની ભેટ : સુરક્ષા, સુવિધા અને વિકાસનો સૂર્યોદય

### અંકલેશ્વર GIDC ખાતે "પ્રોજેક્ટ અસ્મિતા" અંતર્ગત નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ૧૩ કંપનીઓના સહયોગથી ૫૨૬ જેટલી દીકરીઓને નિમણૂકપત્રો એનાયત કરાયા

ભરૂચ જિલ્લામાં મહિલા સશક્તિકરણ, રોજગારી, ઔદ્યોગિક સંરક્ષણ અને વિકાસને વધુ સુદ્રઢ બનાવવાના આશયથી અંકલેશ્વર GIDC, ખાતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે જિલ્લાને રૂ. ૪૮૨ કરોડના વિવિધ પ્રકલ્પોની ભેટ આપવામાં આવી છે.

મહિલાઓની સુરક્ષા, સન્માન અને આર્થિક સ્વાવલંબન માટે ભરૂચ પોલીસની પ્રશંસનીય પહેલ "પ્રોજેક્ટ અસ્મિતા" અંતર્ગત ભરૂચ જિલ્લાની ૧૩ કંપનીઓના સહયોગથી ૫૨૬ જેટલી દીકરીઓને વિવિધ કંપનીઓમાં નોકરી માટેના નિમણૂકપત્રો નાયબ મુખ્યમંત્રીશ્રી અને મંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

દહેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં G.F.L. કંપનીમાં થયેલ રૂ. ૩.૧૬ કરોડથી વધુની ઘરફોડ ચોરીનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી દેવામાં આવ્યો હતો. જે અંતર્ગત "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ હેઠળ રિકવર કરાયેલ તમામ મુદ્દામાલ મૂળ માલિકને ચેક સ્વરૂપે પરત સોંપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ભરૂચ પોલીસ વિભાગની સરાહનીય કામગીરી બદલ 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ ભરૂચ પોલીસને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં કહ્યું કે, આપણું વહીવટી તંત્ર પણ રીત-રિવાજ, સંસ્કાર અને વિકાસના કાર્યો આ બધા જ વિષયોને સાથે લઈને આગળ વધનારું વહીવટી તંત્ર છે. જે ખરેખર પ્રશંસાને પાત્ર છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ભરૂચ જિલ્લામાં ઝડપી વિકાસ કાર્યો થઈ રહ્યા છે. નાનામાં નામી સમસ્યાઓ અને વહીવટી પ્રણાલીના પડકારો વચ્ચે પણ સરકાર અને પોલીસ તંત્ર નાગરિકોની સુવિધા અને સુરક્ષા માટે ખભેથી ખભો મિલાવીને ઉકેલ લાવવા માટે કટિબદ્ધ છે. શહેરની ટ્રાફિક વ્યવસ્થા સુચારુ બનાવવી, તહેવારો દરમિયાન શાંતિ અને સુમેળ ભર્યું વાતાવરણ જાળવવું તેમજ અસામાજિક તત્વો સામે કડક કાનૂની કાર્યવાહી કરીને પોલીસ પ્રજાના સાચા મિત્ર તરીકેની પોતાની ભૂમિકા સાર્થક કરી રહી છે.

વધુમાં, ગેરકાયદે વ્યાજખોરોના દૂષણમાંથી સામાન્ય નાગરિકોને મુક્તિ અપાવવી, જટિલ કાનૂની પ્રક્રિયા વગર જ નાણાં પરત અપાવવા અને ચોરી થયેલા માલસામાનની ઝડપી રિકવરી કરીને માલિકોને પરત સોંપવા જેવા પ્રજાભિમુખ કાર્યો પોલીસે હાથ ધર્યા છે.

ભરૂચ જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા વિશેષ ભરતી કેમ્પ યોજીને સ્થાનિક મહિલાઓને વિવિધ ઉદ્યોગોમાં સીધી નોકરી અપાવવાની સરાહનીય પહેલ કરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત જિલ્લાની ૫૦૦થી વધુ મહિલાઓને રોજગારી પૂરી પાડવામાં આવી છે. સામાન્ય અભ્યાસ ધરાવતી કે ઉચ્ચ શિક્ષિત મહિલાઓને રૂ. ૧૭,૦૦૦ થી વધુનો પ્રારંભિક પગાર મળતો થતાં, અનેક પરિવારોની સામાજિક અને આર્થિક સ્થિતિમાં વ્યાપક સુધારો આવ્યો છે. ભરૂચ પોલીસ માત્ર સુરક્ષા જ નહીં, પરંતુ પ્રજાના આર્થિક અને સામાજિક ઉત્થાનમાં પણ મહત્વની ભાગીદાર બની રહી છે.

વધુમાં તેમણે લોકાર્પણ અને ખાતમુહૂર્તની વાત મૂકતા જણાવ્યું હતું કે, ભરૂચ જિલ્લા અને ખાસ કરીને



અંકલેશ્વર તથા આસપાસની ઔદ્યોગિક વસાહતો માટે ખૂબ જ મહત્વના કુલ રૂા. ૪૮૨ કરોડના પ્રોજેક્ટોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. અંકલેશ્વરમાં ટ્રાન્સપોર્ટ નગર બનીને તૈયાર છે, જ્યાં ૫૧૦ થી વધુ ટ્રકોનું પાર્કિંગ થઈ શકશે, જેનાથી ટ્રાફિકનું ભારણ ઘટશે. ૩,૦૦૦ ચોરસ મીટરનું વેરહાઉસ અને ૧૪૪ જેટલા નવા ઔદ્યોગિક શેડો ઊભા કરવામાં આવ્યા છે, જેથી MSME ઉદ્યોગોને મોટો ફાયદો થશે. જિલ્લાના જંબુસરના બલ્ક ડ્રગ પાર્કમાં ૪૦ MLD ની ક્ષમતા ધરાવતી પાણી પુરવઠા યોજના પૂર્ણ થઈ છે. ઔદ્યોગિક વસાહતોમાં સુરક્ષા માટે ૧,૮૯૫ જેટલી સ્ટ્રીટ લાઈટો લગાવવામાં આવી છે.

વિકસિત ભારત ૨૦૪૭ અને ભવિષ્યનું આયોજન પર ભાર મૂકતા તેમણે ભરૂચ અને ગુજરાત દેશના ઉત્પાદન ક્ષેત્રનું મુખ્ય કેન્દ્ર છે. 'ઝીરો ડિફેક્ટ' સાથે વૈશ્વિક સ્તરનું ઉત્પાદન કરવા પર ભાર મૂકી મેન્યુફેક્ચરિંગ માટે ભારતના દીર્ઘદષ્ટાં શ્રી વડાપ્રધાનને યાદી કર્યા હતા. ભરૂચ ગુજરાતનું હાર્ટ છે. હાઈસ્પીડ રેલ, ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર અને બંદરોના વિકાસથી કનેક્ટિવિટી મજબૂત થઈ છે. ગુજરાત ગ્રીન હાઈડ્રોજન અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે દેશમાં અગ્રેસર છે. ઈનોવેશન અને નવી ઔદ્યોગિક નીતિ હેઠળ સંશોધન અને વિકાસ (R&D) તથા પેટન્ટ મેળવવા માટે મોટા પ્રોત્સાહનો (Incentives) આપવામાં આવી રહ્યા છે. જેનો લાભ મેળવવા ઉદ્યોગપતિઓને તેમણે અનુરોધ કર્યા હતો.

અંતે, આવનારો સમય ભારતનો છે અને ભારતના આ સમયમાં ગુજરાત વધુમાં વધુ સાથે મળીને આ યાત્રાને ઝડપથી આગળ વધારે તે માટે આપણું તંત્ર ટીમ તરીકે કાર્ય કરી રહ્યું છે. આપ સૌ તમારા સપનાઓ સાકાર કરો અને ઉદ્યોગ ક્ષેત્રે નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરો તેવી જ શુભકામનાઓ પાઠવી હતી!

ગુજરાત રાજ્યના પાણી પુરવઠા મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે કાર્યક્રને અનુરૂપ પ્રાંસગિગ ઉદ્બોધન કર્યુ હતું.

આ કાર્યક્રમ પ્રસંગે, જિલ્લા કલેક્ટરશ્રી નવનાથ ગવ્હાણેએ પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું.

આ તકે, જિલ્લા પંચાયત પ્રમુખ ડિમ્પલબેન રાજ, સાંસદ મનસુખભાઈ વસાવા, ધારાસભ્ય સવશ્રી અરૂણસિંહ રણા, ડી. કે. સ્વામીજી, રિતેશભાઈ વસાવા, GIDC ના વાઈઝ ચેરમેન અને CEO પ્રવિણા મેડમ પ્રભાવ જોશી, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી અક્ષયરાજ મકવાણા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ કાપસે અને ઉદ્યોગપતિઓ, બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### હાઈકોર્ટ, ED કે CBI કોઈ કાર્યવાહી ના કરે : સુપ્રીમ

# રાહુલ ગાંધીને આવક કરતાં વધુ મિલકતના કેસમાં રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આવક કરતાં વધુ મિલકત ધરાવવાના કેસમાં સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી રાહત મળી છે. સર્વોચ્ચ અદાલતે અલ્લાહાબાદ હાઈકોર્ટને નિર્દેશ આપ્યા છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સામે ચાલી રહેલી કાર્યવાહીને આગળ ન વધારવામાં આવે. આ સાથે જ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED) અને સીબીઆઇ(CBI) જેવી કેન્દ્રીય તપાસ એજન્સીઓને પણ રાહુલ ગાંધી સામે હાઈકોર્ટમાં કોઈ રિપોર્ટ દાખલ ન કરવા આદેશ આપ્યો છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ(CJI) સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની પીઠે રાહુલ ગાંધી તરફથી રજૂ થયેલા વરિષ્ઠ તજજ્ઞ વકીલ કપિલ સિબ્બલની દલીલો સાંભળી હતી.

દલીલો ધ્યાને લીધા બાદ સુપ્રીમ કોર્ટે CBI, ED અને અલ્લાહાબાદ હાઈકોર્ટમાં અરજી કરનાર કર્ણાટકના નિવાસી એસ. વિગ્નેશ શિશિરને નોટિસ જારી કરી છે. આ અગાઉ અલ્લાહાબાદ હાઈકોર્ટે ED અને CBIને કર્ણાટકના ભાજપ કાર્યકર એસ. વિગ્નેશ શિશિર દ્વારા રાહુલ ગાંધી પર લગાવાયેલા આવક કરતાં વધુ મિલકતના આક્ષેપોની તપાસ કરવા અને જવાબ રજૂ કરવા જણાવ્યું હતું.

હાઈકોર્ટની જસ્ટિસ આર. એસ. ચૌહાણ અને જસ્ટિસ બી. આર. સિંહની બેંચે કેન્દ્રીય એજન્સીઓ ઉપરાંત નાણાં મંત્રાલય અને ગંભીર કપટ અન્વેષણ કાર્યાલય(SFIO)ને પણ જવાબ દાખલ કરવા આદેશ આપ્યો હતો. હાઈકોર્ટના આ નિર્દેશ સામે રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. અલ્લાહાબાદ હાઈકોર્ટના આદેશ બાદ તપાસ એજન્સીઓએ પોતાની કાર્યવાહી શરૂ કરી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટના તાજેતરના સ્ટે આદેશ બાદ હવે ED કે CBI રાહુલ ગાંધી વિરુદ્ધ હાઈકોર્ટમાં તપાસ પ્રગતિનો કોઈ રિપોર્ટ સબમિટ કરી શકશે નહીં. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનો કાનૂની મોરચે મોટો વિજય થયો છે.

### મ્યુલ ખાતાધારકોની પૂછપરછમાં ખોલ્યા તાર

# ૧.૫૨ કરોડના આંતરરાષ્ટ્રીય ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત સાયબર ક્રાઈમ સેલને ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડના એક મોટા આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ કરવામાં સફળતા મળી છે. ૧.૫૨ કરોડ રૂપિયાના સાયબર ફ્રોડના નાણાં મ્યુલ બેંક એકાઉન્ટ્સમાંથી ઉપાડી, તેને ક્રિપ્ટોકરન્સી USDTમાં કન્વર્ટ કરીને કંબોડિયા સ્થિત આકાઓને મોકલનારા મુખ્ય આરોપી રિયાઝની પોલીસે દેવભૂમિ દ્વારકાના ખંભાળિયાથી ધરપકડ કરી છે.

આ કેસમાં સુરત સાયબર ક્રાઈમે અગાઉ ત્રણ મ્યુલ ખાતાધારકો મિનેશકુમાર સોલંકી, અનિલ ગુપ્તા અને વિકાસ ભદોરીયાની ધરપકડ કરી હતી. તેમની કડક પૂછપરછ દરમિયાન મુંબઈના રિયાઝનું નામ સામે આવ્યું હતું. રિયાઝ મુંબઈથી ભાગીને સૌરાષ્ટ્રના ખંભાળિયામાં છુપાયો હોવાની માહિતીના આધારે સાયબર ક્રાઈમની ટીમે દરોડો પાડી તેની ધરપકડ કરી હતી.

આ કેસમાં તેને મદદ કરનાર અન્ય બે મુખ્ય આરોપીઓને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસ તપાસમાં આ સમગ્ર આંતરરાષ્ટ્રીય સાયબર સ્કેન્ડલની ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી સામે આવી છે. મુંબઈથી ઓપરેટ થતા આ રેકેટમાં ફ્રોડ ટોળકી મ્યુલ એકાઉન્ટ ધારકોને પહેલા જયપુર લઈ જતી અને ત્યાંથી મુંબઈના સાકીનાકા વિસ્તારના એક ફ્લેટમાં ત્રણ દિવસ સુધી રાખતી હતી.

# અમદાવાદ મંડળની પહેલ : લોકો પાયલોટો માટે માનસિક સ્વાસ્થ્ય અને તણાવ વ્યવસ્થાપન પર ૪ દિવસનું સામૂહિક ધ્યાન સત્ર

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા વર્તમાન સમયમાં વધતા તણાવ, કામના સ્થળે દબાણ તથા માનસિક સ્વાસ્થ્યથી જોડાયેલી સમસ્યાઓને જોતાં ૧૭ થી ૨૦ ઓગસ્ટ ૨૦૨૬ સુધી આર્ટ ઑફ લિવિંગના અનુભવી પ્રશિક્ષકોના સહયોગથી સામુદાયિક ભવન સાબરમતીમાં સામૂહિક ધ્યાન સત્રનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ ધ્યાન સત્ર દરમિયાન મંડળ રેલવે મેનેજર (DRM), અમદાવાદ શ્રી વેદ પ્રકાશ એ લોકો પાયલોટો સાથે વાતચીત કરતાં જણાવ્યું કે ભારતીય રેલવેના લોકો પાયલોટ દરરોજ ઑસ્ટ્રેલિયાની કુલ વસ્તી જેટલાં લગભગ ૨.૨ કરોડ યાત્રીઓને સુરક્ષિત તેમના મુકામ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે કહ્યું કે પોતાની જવાબદારીઓનું નિર્વાહન કરતાં લોકો પાયલોટો માટે પોતાના તન, મન અને મસ્તિષ્કને પણ સ્વસ્થ અને ફિટ રાખવું અત્યંત જરૂરી છે.

તેમણે પોતાના અનુભવ શેર કરતાં જણાવ્યું કે લગભગ ત્રણ મહીના પહેલાં તેમનું વજન ૧૨૨ કિલોગ્રામ હતું, જેને તેમણે ૧૮ થી ૨૦ કલાકની વ્યસ્ત દિનચર્યા છતાં 'આર્ટ ઑફ લિવિંગ' ની ટેકનિકોને અપનાવી ૯૨ કિલોગ્રામ સુધી નિયંત્રિત કર્યું છે. શ્રી વેદ પ્રકાશ એ ભારપૂર્વક જણાવ્યું કે ૩૦ કિલોગ્રામ વજન ઘટાડવાની આ યાત્રા ફક્ત વ્યાયામ અથવા ખાણી-પીણી પર




નિયંત્રણથી શક્ય નથી થઈ, પરંતુ આ મન અને શરીર વચ્ચેના સંતુલનનું પરિણામ છે. તેમણે કહ્યું કે જીવન અને કામ-પરિસ્થિતિના તંત્ર (Ecosys-tem) માં સકારાત્મક ફેરફારની શરૂઆત સૌથી પહેલાં પોતાનાથી થાય છે. આ જ ફેરફાર આગળ જઈને સમગ્ર સમાજ અને સંગઠનને ઉત્તમ બનાવવામાં યોગદાન આપે છે.

ધ્યાન સત્ર દરમિયાન પ્રશિક્ષક શ્રી અલ્પેશ ત્રિવેદી અને નીલમબેન પટેલ દ્વારા સહભાગીઓને ધ્યાનના વૈજ્ઞાનિક અને વ્યવહારિક મહત્વ વિશે માહિતી આપવામાં આવી. તેમણે જણાવ્યું કે નિયમિત ધ્યાનથી વ્યક્તિમાં ભાવનાત્મક સ્થિરતા આવે છે, આધ્યાત્મિક વિકાસને બળ મળે છે, તણાવમાં ઘટાડો થાય છે તથા સમાજમાં સામુદાયિક જોડાણ અને પરસ્પરનો સૌહાર્દ વધે છે. ઉપસ્થિત સહભાગીઓએ અનુભવ કર્યો કે ધ્યાન મારફતે મનને એકાગ્ર કરી નકારાત્મક વિચારોથી આગળ વધીને સકારાત્મક દ્રષ્ટિકોણ વિકસિત કરી શકાય છે.

આ સામૂહિક ધ્યાન સત્ર અમદાવાદ મંડળના સાબરમતી કોમ્યુનિટી સેન્ટરમાં રેલવે અધિકારીઓ અને રેલવે કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો જેમાં ૧૦૦ થી વધુ લોકો પાયલોટ પણ સામેલ હતા. પ્રશિક્ષકોના માર્ગદર્શનમાં તમામ સહભાગીઓએ શાંત વાતાવરણમાં ધ્યાનનો અભ્યાસ કર્યો અને માનસિક શાંતિનો અનુભવ કર્યો. આ અવસર પર આર્ટ ઑફ લિવિંગના સંસ્થાપક શ્રી શ્રી રવિશંકરના પ્રેરણાદાયક વિચારોને પણ શેર કરવામાં આવ્યા કે "ધ્યાન જ એ માધ્યમ છે જેનાથી નકારાત્મક વિચારોથી આગળ વધીને સકારાત્મકતા સ્વતઃ અને સ્વાભાવિક રૂપે આવે છે."

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ રેલવે કર્મચારીઓને માનસિક શાંતિ, સકારાત્મક વિચાર તથા આત્મિક સંતુલન પ્રત્યે પ્રેરિત કરવાનો છે, જેથી તેઓ દૈનિક જીવનના તણાવ અને પડકારોનો સામનો વધુ સહજતા અને આત્મવિશ્વાસની સાથે કરી શકે.

પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ તમામ રેલવે કર્મચારીઓને અપીલ કરે છે કે તેઓ પોતાના દૈનિક જીવનમાં ધ્યાનને અપનાવે તથા આવા સામૂહિક કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લે, જેનાથી વ્યક્તિગત સ્વાસ્થ્યની સાથે-સાથે કાર્યક્ષમતા, પરસ્પરના સંકલન અને સામાજીક સદભાવને પણ મજબૂતી મળી શકે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૧૭/૦૮/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૦ | ૧,૪૦૦.૦૦ | ૧,૭૦૦.૦૦ |
| ૨ | એરંડા | ૧૫ | ૧,૪૦૦.૦૦ | ૧,૪૦૯.૦૦ |
| ૩ | ઘઉં | ૨૧૩ | ૫૨૦.૦૦ | ૫૭૫.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૬૦.૦૦ | ૪૯૫.૦૦ |
| ૫ | મકાઇ | ૪ | ૪૯૦.૦૦ | ૫૧૫.૦૦ |
| ૬ | ચણા | ૨૫ | ૧,૦૫૦.૦૦ | ૧,૧૪૨.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

# સરકારના આર્થિક સલાહકારે જ આપી સલાહ: જૂના વાહનો માટે E10 પેટ્રોલ પાછું લાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

E20(૨૦% ઈથેનોલ મિશ્રિત) પેટ્રોલને લઈને દેશભરમાં ઘમાસાણ મચ્યું છે. રસ્તાથી લઈને સંસદ અને સોશિયલ મીડિયા સુધી દરેક જગ્યાએ એ વાતની ચર્ચા થઈ રહી છે કે, આ ફ્યુઅલના કારણે વાહનોનું માઈલેજ ઘટી રહ્યું છે અને એન્જિનના સ્પેરપાર્ટ્સ કે કમ્પોનન્ટ્સ ખરાબ થઈ રહ્યા છે.

આ સ્થિતિ વચ્ચે મોટી સંખ્યામાં વાહનચાલકો E5 અને E10 જેવા લો-ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલના વિકલ્પો ઉપલબ્ધ કરાવવાની માગ કરી રહ્યા છે. આ વચ્ચે પ્રથમ વખત સરકારમાં રહેલી કોઈ જવાબદાર વ્યક્તિએ E10 ફ્યુઅલની વાપસીની વાત કરી છે. E20 પેટ્રોલને લઈને હવે સવાલ માત્ર એ નથી રહ્યો કે, તમારી ગાડીનું એન્જિન ચાલશે કે નહીં, પરંતુ સવાલ એ છે કે પેટ્રોલ બચાવવાની આ ઝુંબેશમાં ક્યાંક દેશની ખેતી, પાણી અને ખાદ્ય સુરક્ષાનું ગણિત તો નથી બગડી રહ્યું ને! આ સવાલને એટલા માટે પણ હળવાશથી લઈ શકાય તેમ નથી, કારણ કે આ મુદ્દો કોઈ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કે ટિકાકારે નહીં, પરંતુ ખુદ ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને ઉઠાવ્યો છે.

નાગેશ્વરને પોતાના એક લેખમાં E20થી આગળ E27 કે E30 તરફ કદમ વધારતા પહેલા ફૂડ-વર્સિસ-ફ્યુઅલ ટ્રેડ ઑફ એટલે કે ખાદ્ય સુરક્ષા અને બળતણ વચ્ચેની સ્પર્ધાનો સંપૂર્ણ હિસાબ માંડવાની સ્પષ્ટ જરૂરિયાત દર્શાવી છે. અત્યાર સુધી E20ને પેટ્રોલના શ્રેષ્ઠ વિકલ્પ, ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવાના હથિયાર અને પર્યાવરણીય ફાયદાના સફળ મોડલ તરીકે જોવામાં આવતું હતું, પરંતુ તેમાંથી આગળ વધતા પહેલાં ગંભીર વિચારવિમર્શ કરવો અનિવાર્ય બન્યો છે. હવે મૂળ સવાલ એ ઊભો થયો છે કે, મકાઈથી પેટ્રોલની ટાંકી ભરાશે કે લોકોનું પેટ? કારણ કે એન્જિનની ચર્ચા વચ્ચે આખરી જંગ એ જમીન અને પાણીની છે, જેને એકવાર બળતણ ઉત્પાદન તરફ વાળી દેવાયા બાદ પુનઃ ખાદ્ય પાકો તરફ વાળવું સરળ નહીં રહેશે.

મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને સરકારને જૂના વાહનો માટે E10 ફ્યુઅલને પરત લાવવાની સલાહ આપી છે. જોકે, આ ભલામણ સાથે તેમણે E20 ફ્યુઅલને લઈને લોકોમાં વ્યાપેલી આશંકાઓ અને ડર અંગે પણ સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું કે, હાલના દિવસોમાં સોશિયલ મીડિયા પર E20 પેટ્રોલને લઈને ભારે ચર્ચા થઈ રહી છે અને એક ડર ઝડપથી ફેલાઈ રહ્યો છે. દાવાઓ થઈ રહ્યા છે કે આ ફ્યુઅલથી વાહનોનું માઈલેજ ઘટી રહ્યું છે અને ગાડીઓમાં કમ્પોનન્ટ્સ ખરાબ થઈ રહ્યા છે. પરંતુ, આ તમામ દાવાઓ પૂરેપૂરા સાચા નથી. તેની પાછળ તેઓ કેટલાક ટેસ્ટનો હવાલો આપે છે.


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક



PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307

Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# સાગબારા જંગલ જમીન આંદોલનનો ૧૦ મો દિવસ: મહારાષ્ટ્રના ધારાસભ્ય ખેડુતોના સમર્થનમાં ઉતર્યા

### મહારાષ્ટ્રના ધારાસભ્ય અમથાભાઈ પાડવી ખેડુતોના સમર્થનમાં : આંદોલન વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તેવી શકયતા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

નર્મદા જિલ્લાના સાગબારા ખાતે ચાલી રહેલો જંગલ જમીન ખેડાણનો મુદ્દો હવે રાજયની સીમાઓ ઓળંગીને પાડોશી રાજય મહારાષ્ટ્ર સુધી ગાજવા લાગ્યો છે. સાગબારામાં આદિવાસી ખેડુતોના અહિંસક ધરણા અને આંદોલનને આજે ૧૦ દિવસ પુરા થયા છે. આ આંદોલનનો વેગ મળતા મહારાષ્ટ્રના અકકલકુવા બેઠકના ધારાસભ્ય ખુદ ખેડુતોના સમર્થનમાં મેદાને આવ્યા છે.




તો બીજી તરફ સુરતના ઉમરપાડાના ખેડુતો આ આંદોલનના વિરોધમાં આવતા મામલો ત્રિપાંખીયો સંઘર્ષ તરફ આગળ વધી રહ્યો છે. સાગબારાના આદિવાસી ખેડુતોના જંગલ જમીન હકક ના આંદોલનને ૧૦ દિવસ થતા મહારાષ્ટ્રના અકકલકુવા વિસ્તારના ધારાસભ્ય અમથાભાઈ પાડવી ખાસ સાગબારા ખાતે ખેડુતોની મુલાકાતે આવ્યા હતા અને તેમને ખુલ્લુ સમર્થન જાહેર કર્યુ હતું. ખેડુતોને સંબોધતા તેમણે ભાવુક નિવેદન આપતા જણાવ્યુ હતુ કે પહેલા તો હું આદિવાસી છું, હું ન મહારાષ્ટ્રનો છુ કે ન ગુજરાતનો, હું માત્ર આદિવાસીઓનો ભાઈ છું, ધારાસભ્યએ સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૦૨ થી આ આદિવાસી ખેડુતો અહિં જમીન પર ખેતી કરતા આવ્યા છે. જો તેઓ વરસોથી આ જમીન ખેડતા આવ્યા હોય તો તેમને આ જમીન ખેડાણનો કાયદેસરનો હક્ક મળવો જ જોઈએ. નેતાના સમર્થન બાદ આ અહિંસક ધરણા હવે વધુ ઉગ્ર આંદોલનનુ સ્વરૂપ ધારણ કરે તેવી પુરી શકયતાઓ સેવાઈ રહી છે.

એકતરફ મહારાષ્ટ્રના ધારાસભ્ય સાગબારાના ખેડુતોની તરફેણમાં આવ્યા છે. તો બીજી તરફ આ વિવાદમાં નવો વળાંક આવ્યો છે. સાગબારાના ખેડુતોની માંગણીઓ અને આંદોલન સામે હવે સુરત જિલ્લાના ઉમરપાડા વિસ્તારના ખેડુતો વિરોધમાં મેદાને આવ્યા છે. આ વિરોધને કારણે આગામી દિવસોમાં આંદોલન વધુ પેચીદુ બને અને બંને પક્ષો વચ્ચે ઘર્ષણ સર્જાય તેવી દહેશત સ્થાનિક સ્તરે વ્યકત કરવામાં આવી રહી છે.

# હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ધ્વજવંદન કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભારતીય જનતા પક્ષ સાબરકાંઠા જિલ્લાના કાર્યાલયે ૧૫ મી ઓગસ્ટ ૮૦ માં સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે હિંમતનગર શહેરની પાયલોટ દિકરીના હસ્તે ધ્વજવંદન કરાયુ હતું.



આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે સ્વાતંત્ર્ય દિન પર્વની શુભકામના પાઠવી જણાવેલ કે આઝાદી આપણને ભેટમાં મળી નથી. તેની પાછળ મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ભગતસિંહ અને સુભાષચંદ્ર બોઝ જેવા મહાન નેતાઓ તથા નામી- અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગ અને સમ્પર્ણ છુપાયેલા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત ૨૦૪૭ નો સંકલ્પ આપ્યો છે. આ સંકલ્પને સાકાર કરવા રાજય સરકાર મકકમતાથી આગળ વધી રહી છે. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા પણ સંગઠન થકી સરકારમાં અનેક કામો દ્વારા છેવાડાના માણસને અનેક લાભો અપાવી રહ્યા છે.

આ પ્રસંગે સાંસદ, ધારાસભ્ય, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, વિજય પંડયા, જિલ્લા મહામંત્રી પ્રેમલ દેસાઈ, બિપીન ઓઝા, જિલ્લા સંઘના ચેરમેન જેઠાભાઈ પટેલ, વાસુદેવ રાવલ, જયેશ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ નરેશ પરમાર સહિત મોટી સંખ્યામાં ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

### અન્ન અને નાગરિક પુરવઠા કચેરીની સઘન તપાસ

# ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં રૂ. ૨.૩૮ લાખની કિંમતનો બિનઅધિકૃત ઘઉંનો જથ્થો જપ્ત કરાયો

રાજયમાં અનાજની ગેરકાયદેસર હેરફેર અને કાળાબજારી અટકાવવા માટે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ સતત સક્રિય છે. યાદીમાં જણાવ્યા મુજબ, નિયામકશ્રી અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, ગાંધીનગરની ટીમ દ્વારા ૧૫મી ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન અધિકારીઓની ટીમને મહુવા તાલુકાના ડાયમંડ નગર, જી.આઈ.ડી.સી.ની પાછળ આવેલ એક ખાનગી ગોડાઉનમાં બિનઅધિકૃત રીતે સંગ્રહિત થયેલ ઘઉંનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં ૮,૫૦૦ કિ.ગ્રામ ઘઉંનો જથ્થો જેની અંદાજિત કિંમત રૂ. ૨,૩૮,૦૦૦/- થાય છે, તેને તપાસ ટીમ દ્વારા જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં આ જથ્થો ક્યાંથી આવ્યો હતો અને તેની વાસ્તવિક માલિકી કોની છે તે અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. વધુમાં યાદીમાં જણાવ્યા અનુસાર, આકસ્મિક તપાસણી દરમિયાન ગાંધીનગરની ટીમ દ્વારા ભાદ્રોડ ગામે પ્રફુલભાઈ રામજીભાઈ વાઘ દ્વારા સંચાલિત સરકારી વાજબી ભાવની દુકાનની પણ ચકાસણી કરવામાં આવી હતી. દુકાનના સ્ટોક અને રેકર્ડની ખરાઈ કરતાં જથ્થાની ઘટ જોવા મળી હતી, જેમાં ઘઉંમાં ૧,૩૮૨.૫૦૦ કિ.ગ્રામ, ચોખામાં ૨,૫૮૧.૦૦ કિ.ગ્રામ અને ખાંડમાં ૮૯.૯૦૦ કિ.ગ્રામની ઘટ નોંધવામાં આવી છે. આ સઘન તપાસથી અનાજની કાળાબજાર કરનારા તત્વોમાં ભય ફેલાયો છે.



# વ્યાજખોરોની દાદાગીરી: પોલીસ કોન્સ્ટેબલને જાનથી મારી નાખવાની ધમકી આપી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ શહેરમાં વ્યાજખોરોનો ત્રાસ અને હિંમત એટલી બધી વધી ગઈ છે કે હવે કાયદાના રક્ષક ગણાતા પોલીસ કર્મીઓ પણ સુરક્ષિત રહ્યા નથી. રાજકોટમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ સિંધવને વ્યાજખોરો દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા પોલીસ બેડામાં ભારે ચકચાર મચી જવા પામી છે. મૃતક મોટાભાઈએ લીધેલા નાણાં ચુકવી આપવા માટે વ્યાજખોરોએ આ પોલીસમેનને ધમકાવ્યા હોવાનુ બહાર આવ્યુ છે. ઘટનાની વિગત મુજબ અમદાવાદ ખાતે રહેતા કોન્સ્ટેબલના મોટાભાઈ મહાવીરસિંહ સીંધવે ગત ૯ જુનના રોજ પોતાના ફલેટ માં આપઘાત કરી લીધો હતો.



મૃતકના આકસ્મિક અવસાન બાદ પરીવારજનો પર દુઃખનો પહાડ તુટી પડયો હતો. જો કે મૃતક મહાવીરસિંહે વ્યાજે નાણાં લીધા હોવાની બાબતથી તેમનો સમગ્ર પરીવાર સાવ અજાણ હતો. દુઃખદ બાબત એ છે કે અમદાવાદમાં મૃતકના બેસણાના દિવસે જ વ્યાજખોરો પોતાના ટોળા સાથે આવી પહોચ્યા હતા અને નાણાંની ઉઘરાણી કરીને ધમકી આપી હતી. વ્યાજખોરોએ દાવો કર્યો હતો કે મૃતક મહાવીરસિંહે તેમની પાસેથી રૂપીયા ૧.૩૫ કરોડ વ્યાજે લીધા હતા અને હવે આ રકમ તેમના ભાઈ ક્રિપાલસિંહે ચુકવવી પડશે. વ્યાજખોરોએ પોલીસમેન ક્રિપાલસિંહને જાનથી મારી નાખવાની ખુલ્લેઆમ ધમકી આપી હતી. આ મામલે પીડીત પોલીસ કોન્સ્ટેબલે હિંમત દાખવીન સુરેન્દ્રનગરના રાજા રાતડીયા અને રમેશ વરૂ નામના વ્યાજખોરો વિરૂધ્ધ વિધીવત ફરીયાદ નોંધાવી છે. સમગ્ર બનાવ અંગે રાજકોટના પ્રદ્યુમનગર પોલીસ મથકે ગુન્હો નોંધીને વ્યાજખોરો સામે કાયદેસરની તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

# શાળામાં અભ્યાસ કરતી ૧૦ લાખથી વધુ દીકરીઓને મળશે મફત સેનેટરી નેપકીન: રૂ. ૪૬ કરોડથી વધુનું બજેટ મંજૂર કરતી ગુજરાત સરકાર

રાજયની સરકારી શાળાઓમાં દીકરીઓની હાજરી વધારવા અને માસિક ધર્મ દરમિયાન સ્વચ્છતા જાળવવાના હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા વિશેષ પહેલ કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા તેમજ શિક્ષણ રાજય મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાના નેતૃત્વ હેઠળ રાજયની સરકારી ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ધોરણ-૬ થી ૧૨ની કુલ ૧૦ લાખથી વધુ દીકરીઓ માટે રૂ. ૪૬.૬૮ કરોડના ખર્ચે 'મફત સેનેટરી નેપકીન વિતરણ'ની સુવિધા સુનિશ્ચિત કરાઈ છે. આ પહેલ હેઠળ સરકારી શાળાઓની દરેક દીકરી દીઠ વાર્ષિક રૂ.૩૬૦ની બજેટ જોગવાઈ સાથે દર મહિને ગુણવત્તાયુક્ત ઓક્સો-બાયોડિગ્રેડેબલ સેનેટરી નેપકીન વિનામૂલ્યે આપવામાં આવશે. શાળાઓમાં સરળ વિતરણ અને સુચારુ વ્યવસ્થા માટે શિક્ષણ વિભાગની સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીનીઓને શાળાઓમાં જ ઉચ્ચ ગુણવત્તાયુક્ત 'ઓક્સો-બાયોડિગ્રેડેબલ સેનેટરી નેપકીન' ઉપલબ્ધ કરાવવામાં આવશે. દીકરીઓ કોઈપણ જાતનો સંકોચ, શરમ કે ખચકાટ અનુભવ્યા વિના આરામદાયક વાતાવરણમાં નેપકીન મેળવી શકે તેવી સુવિધાસભર વ્યવસ્થા શાળામાં ગોઠવવામાં આવશે.

'મફત સેનેટરી નેપકીન'ના પ્રત્યક્ષ અમલીકરણ અને વિતરણની દેખરેખ માટે શાળાના જ મહિલા શિક્ષકને 'નોડલ શિક્ષક' તરીકેની મુખ્ય જવાબદારી સોપવામાં આવશે, જેથી દીકરીઓ તેમની સાથે મુક્તપણે ચર્ચા કરી શકે. આ ઉપરાંત મહિલા શિક્ષક દ્વારા કન્યાઓને શારીરિક સ્વચ્છતા અને માસિક ધર્મ અંગે સાચી તથા વૈજ્ઞાનિક માહિતી આપવામાં આવશે, જેથી તેમના મનમાંથી ભય અને ગેરમાન્યતાઓ દૂર થાય તેમજ શિક્ષણ પ્રત્યે આત્મવિશ્વાસ વધે.

વધુમાં શાળાઓને વપરાયેલા નેપકીનનો નિકાલ સંપૂર્ણપણે 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬' મુજબ કરવાનો રહેશે. પેડ્સને કાગળમાં લપેટીને ભીના-સૂકા કચરાથી અલગ રાખવા, ખુલ્લામાં કે ટોયલેટમાં ન ફેંકવા અને સ્થાનિક કચરા સંગ્રહ વ્યવસ્થાને સોંપવાનો રહેશે . આ ઉપરાંત, શાળાઓમાં ઉપલબ્ધ ઈન્સિનીરેટર (સેનેટરી પેડ બાળવાની ભઠ્ઠી) મશીન કાર્યરત રહે અને તેની સમયાંતરે યોગ્ય સર્વિસ થાય તે સુનિશ્ચિત કરવા શિક્ષણ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

ગુજરાત સરકારનો આ નિર્ણય માત્ર આરોગ્યલક્ષી નથી, પરંતુ 'બેટી બચાવો, બેટી પઢાવો' અને 'નારી સશક્તિકરણ'ના સંકલ્પને સાકાર કરતું ક્રાંતિકારી પગલું છે. ખાસ કરીને ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં માસિક ધર્મના દિવસોમાં ગેરહાજર રહેતી કન્યાઓ હવે નિયમિત શાળાએ આવી શકશે, જેનાથી દીકરીઓના સ્થાયીકરણ માટે રાજય સરકારને મદદ મળશે. આ ઉપરાંત, અસ્વચ્છ કાપડના વપરાશથી થતા ગંભીર ઈન્ફેકશન અને પ્રજનન સ્વાસ્થ્ય સંબંધિત રોગો સામે કન્યાઓને સુરક્ષા મળશે. આ પહેલ હેઠળ અપાતા ઈકો-ફ્રેન્ડલી ઓક્સો- બાયોડિગ્રેડેબલ નેપકીન પર્યાવરણનું પણ જતન કરશે, જ્યારે બીજી તરફ મફત વિતરણના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો પરનો નાણાકીય બોજ હળવો થશે."

- પ્રિન્સ ચાવલા

# ૧૮ ઓગસ્ટ:-વર્લ્ડ બ્રેસ્ટ કેન્સર રિસર્ચ ડે: ગુજરાતમાં મહિલાઓમાં સ્તન કેન્સરનું પ્રમાણ ૩૧.૨%: વહેલું નિદાન જ સૌથી મોટું શસ્ત્ર – આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

રાજ્ય સરકાર દરેક નાગરિકને શ્રેષ્ઠ અને સસ્તી કેન્સર સારવાર આપવા માટે કટિબદ્ધ છે. રાજ્યમાં વધતા જતા કેન્સરના કેસો, ખાસ કરીને મહિલાઓમાં જોવા મળતા સ્તન કેન્સર (બ્રેસ્ટ કેન્સર) અંગે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, 'કેન્સર સામેની લડાઈમાં વહેલું નિદાન અને જાગૃતિ જ સૌથી મોટું શસ્ત્ર છે. જો સ્તન કેન્સર પ્રાથમિક તબક્કે જ ઓળખાઈ જાય, તો તે સંપૂર્ણપણે સાધ્ય છે.'

આરોગ્ય મંત્રીશ્રીએ મહિલાઓને અપીલ કરતાં જણાવ્યું હતું કે, રાજ્યની ૩૦ વર્ષથી વધુ વયની તમામ મહિલાઓએ નિયમિતપણે 'સેલ્ફ-બ્રેસ્ટ એક્ઝામિનેશન' અને ૪૦ વર્ષથી વધુ વયની તમામ મહિલાઓએ 'ડિજિટલ મેમોગ્રાફી સ્ક્રીનિંગ' કરાવવું જોઈએ. શરીરમાં કોઈપણ અસામાન્ય ગાંઠ કે લક્ષણ જણાય, તો તુરંત જ નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર અથવા જીસીઆરઆઈ (GCRI) નો સંપર્ક કરવા મંત્રીશ્રીએ નાગરિકોને અનુરોધ કર્યો છે.

ગ્લોબોકેન (GLOBOCAN 2022) ના અહેવાલ મુજબ, સમગ્ર વિશ્વમાં દર વર્ષે કેન્સરના અંદાજે ૧.૯૯ કરોડથી વધુ નવા કેસો નોંધાય છે, જેની સામે ભારતમાં વાર્ષિક અંદાજે ૧૪.૧૩ લાખ નવા કેસો સામે આવે છે. રાષ્ટ્રીય કેન્સર રજિસ્ટ્રી પ્રોગ્રામના અંદાજ મુજબ, ગુજરાતમાં વર્ષ-૨૦૨૪ સુધીમાં કેન્સરના કુલ કેસોની સંખ્યા વધીને અંદાજિત ૭૭,૨૦૫ સુધી પહોચી હતી.

વિશેષરૂપે, ગુજરાતમાં મહિલાઓમાં જોવા મળતા તમામ પ્રકારના કેન્સરમાં સ્તન કેન્સર (બ્રેસ્ટ કેન્સર) ૩૧.૨% સાથે સૌથી વધુ પ્રમાણ ધરાવે છે.

અમદાવાદના 'પોપ્યુલેશન બેઝ્ડ કેન્સર રજિસ્ટ્રી' (PBCR) ના ડેટા દર્શાવે છે કે, ૦ થી ૭૪ વયજૂથની દર ૧૨માંથી ૧ મહિલાને કેન્સર થવાનું જોખમ રહેલું છે.

આ ઉપરાંત, 'ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' (GCRI), અમદાવાદના વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૫ ના આંકડા અનુસાર, માત્ર વર્ષ-૨૦૨૫માં જ સ્તન કેન્સરના ૧,૫૪૧ નવા કેસો નોંધાયા હતા. જેમાં સૌથી વધુ અસરગ્રસ્ત વયજૂથ ૪૧ થી ૫૦ વર્ષના ૪૬૯ કેસ અને ૫૧ થી ૬૦ વર્ષ ૪૩૬ કેસ મહિલાઓના સામે આવ્યા છે.

આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૭૨ માં સ્થાપિત 'ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' (GCRI) પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) મોડલ હેઠળ આજે સમગ્ર દેશ માટે એક મોડેલ સ્ટેટ કેન્સર ઈન્સ્ટિટ્યૂટ બની ચૂકી છે. વર્ષ-૨૦૨૫ દરમિયાન GCRI ખાતે નોંધાયેલા કુલ ૨૬,૮૧૨ કેન્સરના દર્દીઓમાંથી ૧૭,૬૬૫ દર્દીઓ ગુજરાતના અને ૯,૧૪૭ દર્દીઓ મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ સહિત દેશના અન્ય રાજ્યોમાંથી આવ્યા હતા. આ આંકડા ગુજરાતની આરોગ્ય સેવાઓ પર સમગ્ર દેશભરનો અતૂટ વિશ્વાસ દર્શાવે છે.

રાજ્ય સરકારના સતત પ્રયાસોથી GCRI ખાતે કેન્સરની સારવાર માટે વિશ્વસ્તરીય અને અત્યાધુનિક સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. જેમાં સ્તન કેન્સરના સચોટ સ્ક્રીનિંગ અને વહેલી તપાસ માટે ડિજિટલ મેમોગ્રાફી, અત્યંત ચોકસાઈપૂર્વકની સર્જરી અને ઓપરેશન વગર સારવાર માટે સર્જિકલ રોબોટ તથા સાયબર નાઈફ, કેમોથેરાપી દરમિયાન વાળ ખરતા અટકાવવા માટે સ્કેલ્પ કૂલિંગ ડિવાઈસ, અને જનીન તપાસ દ્વારા વ્યક્તિગત સારવાર માટે નેક્સ્ટ જનરેશન સિક્વેન્સિંગ જેવા આધુનિક મશીનોનો લાભ રાજ્યના નાગરિકો વિનામૂલ્યે મેળવી રહ્યા છે.

આ ઉપરાંત, હોસ્પિટલ ખાતે TrueBeam LINAC, Tomotherapy, 3T MRI, Cobas 4800 (HPV DNA testing) અને ૧૯ હાઈ-એન્ડ મોડ્યુલર OTs જેવી ઉત્કૃષ્ટ અને આધુનિક સુવિધાઓ પણ કાર્યરત છે. આ તમામ સેવાઓનો લાભ દર્દીઓ PMJAY યોજના હેઠળ નિઃ શુલ્ક કરવામાં આવે છે.

- પ્રિન્સ ચાવલા

# મહિલાઓની સુરક્ષા વધુ મજબૂત બનાવવા ગુજરાત પોલીસે 'સુરક્ષિત શક્તિ' અભિયાન શરૂ કર્યું

ગુજરાત પોલીસે મહિલાઓ અને યુવતીઓની સલામતી અને સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે ૨૮ દિવસનું વ્યાપક 'સુરક્ષિત શક્તિ' અભિયાન શરૂ કર્યું છે. ગુન્હા નિવારણ, રક્ષણ, જાગૃતિ, સશક્તિકરણ અને કાયદાના અમલ પર કેન્દ્રિત સંકલિત અભિગમ દ્વારા મહિલાઓ માટે વધુ સુરક્ષિત વાતાવરણ ઊભું કરવાનો આ અભિયાનનો ઉદ્દેશ છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં મહિલાઓ અને બાળકોની સુરક્ષામાં કોઈપણ પ્રકારની બાંધછોડ ન થાય તેમજ તેમની સામેના ગુનાઓને રોકવા માટે તમામ જરૂરી કડક પગલાં લેવામાં આવે તે સુનિશ્ચિત કરવા પોલીસને સૂચના આપી છે. રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકના માર્ગદર્શન હેઠળ રાજ્ય પોલીસ મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે વિવિધ પગલાં લઈ રહી છે, જેમાં ડિજિટલ પ્લેટફોર્મ પર ઊભા થતા જોખમોથી રક્ષણનો પણ સમાવેશ થાય છે. CID ક્રાઈમ અને રેલવેઝના ડીજીપી ડૉ. કે.એલ.એન. રાવના નેતૃત્વ હેઠળ આ પહેલમાં પોલીસ કાર્યવાહી સાથે સામુદાયિક ભાગીદારી, ટેક્નોલોજી, જનજાગૃતિ અભિયાનો અને પીડિતાકેન્દ્રિત સહાય વ્યવસ્થાના સંયોજન દ્વારા મહિલાઓ માટે સુરક્ષિત વાતાવરણ ઊભું કરવાની બહુઆયામી વ્યૂહરચના ઘડવામાં આવી છે.

અધિક પોલીસ મહાનિર્દેશક (CID ક્રાઈમ, મહિલા સેલ) શ્રી અજય ચૌધરીએ જણાવ્યું કે, "આ અભિયાનનાં ચાર મુખ્ય આધારસ્તંભો—ગુન્હા નિવારણ અને રક્ષણ, જાગૃતિ અને સશક્તિકરણ, સહાય, કાયદાનો અમલ અને ટકાઉપણું— છે. કામગીરી પર નજર રાખવા અને પરિણામો માપવા માટે વિગતવાર વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પહેલની અસરકારકતા ચકાસવા પુરાવા આધારિત પોલીસિંગ અને માપી શકાય તેવા મુખ્ય કામગીરી સૂચકાંકો (KPIs) સૂચવવામાં આવ્યા છે."

★નિવારણ અને રક્ષણ પર ભાર

નિવારણ અને રક્ષણના ભાગરૂપે મહિલાઓને અસર કરતા ગુન્હાઓ અને હેરાનગતિ સામે વધુ કડક કાર્યવાહી કરવાની યોજના છે. પોલીસ એકમોને સંવેદનશીલ વિસ્તારો ઓળખવા, પેટ્રોલિંગ વધારવા અને ગુનાઓને રોકવા માટેના આગોતરા પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. જવાબદારી વધારવા અને પુરાવા એકત્ર કરવાની પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવા માટે વિઝિબલ પોલીસિંગ, બોડી-વોર્ન કેમેરા તથા અન્ય ટેક્નોલોજીકલ સાધનોના વધુ ઉપયોગ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

★મહિલાઓને ઓનલાઈન જોખમો અંગે જાગૃત કરાશે

શ્રી અજય ચૌધરીએ જણાવ્યું કે, "અભિયાનમાં જાગૃતિ અને ડિજિટલ સુરક્ષા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પોલીસ મહિલાઓ અને યુવતીઓને સાયબરબુલિંગ, ઓનલાઈન ગ્રૂમિંગ, સેક્સટોર્શન, ડીપફેક, OTP ફ્રોડ અને QR-કોડ કૌભાંડ જેવા ઉભરતા ઓનલાઈન જોખમો અંગે માહિતગાર કરશે."

આ કાર્યક્રમ અંતર્ગત ૧૮૧, ૧૧૨, ૧૯૩૦ અને વન સ્ટોપ સેન્ટરો જેવી કટોકટી અને સહાય વ્યવસ્થાઓ અંગે પણ જાગૃતિ ફેલાવવામાં આવશે. મહિલાઓને સ્વરક્ષણ કૌશલ્ય વિકસાવવા તેમજ પોતાના કાયદાકીય અધિકારો સમજવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

### આ નિર્ણયથી ગ્રામ્ય કક્ષાએ નાગરિકોની સુવિધામાં વધારો થશે અને વહીવટી પારદર્શિતા આવશે

# રાજ્ય સરકાર દ્વારા પંચાયત તલાટી અને મહેસૂલી તલાટી વચ્ચે કામગીરીની સ્પષ્ટ વહેંચણી અને જોબ ચાર્ટ જાહેર : પંચાયત મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

ગુજરાત સરકાર દ્વારા ગ્રામ્ય સ્તરે વહીવટી સરળતા, સુગમતા અને નાગરિકોની સુવિધા સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની માર્ગદર્શનમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પંચાયત મંત્રી શ્રી ઋષિકેશ પટેલે આ અંગે ગાંધીનગરથી વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા મહેસૂલી તલાટી અને પંચાયત તલાટી-કમ-મંત્રીની કામગીરી તથા જવાબદારીઓ અંગે લાંબા સમયથી ચાલી રહેલી વિચારણાના અંતે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા પંચાયત તલાટી અને મહેસૂલી તલાટી વચ્ચે કામગીરીની સ્પષ્ટ વહેંચણી અને જોબ ચાર્ટ જાહેર કરવામાં આવ્યો છે. ગ્રામીણ સ્તરે નાના મોટા ૯૦ થી ૧૦૦ જેટલા કામો અને જો વિષય પ્રમાણે અલગ કરીએ તો કુલ ૨૯૦ જેટલા પ્રજાલક્ષી કામોનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી ગ્રામ્ય કક્ષાએ મહેસૂલી તલાટી તથા પંચાયત તલાટી-કમ-મંત્રી વચ્ચેની કામગીરી અને જવાબદારીઓ અંગે વધુ સ્પષ્ટતા આવશે તેમ મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતુ.

★ પંચાયત તલાટી-કમ-મંત્રીના કાર્યક્ષેત્રમાં ગ્રામ પંચાયત અને ગ્રામ વિકાસની કામગીરી

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા નક્કી કરાયેલા જોબચાર્ટ મુજબ પંચાયત તલાટી-કમ-મંત્રી દ્વારા પંચાયત અધિનિયમ અને નિયમો અન્વયે ગ્રામ પંચાયત સચિવ તરીકે કરવાની થતી તમામ કામગીરી કરવાની રહેશે. આ ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારની વ્યક્તિગત તથા વિકાસલક્ષી યોજનાઓની ગ્રામ્ય કક્ષાએ અમલીકરણની કામગીરી, વિવિધ પ્રમાણપત્રોની કામગીરી, ગ્રામ્ય કક્ષાએ ગ્રામતળ, ગૌચર તથા પંચાયત હસ્તકની જમીન દબાણ વિશેષની કામગીરી, જાહેર મિલકતો અંગેની કામગીરી, ગામમાં સ્વચ્છતા, પાણી પુરવઠો, વૃક્ષારોપણ, ગ્રામસભા તથા વિવિધ સમિતિઓની કામગીરી સહિતની જવાબદારીઓ જોબચાર્ટમાં નિર્ધારિત કરવામાં આવી છે.

જોબચાર્ટમાં PM-KISAN, PM-VISHWAKARMA, ઈ-ગ્રામ/ઈ-નિર્માણ કાર્ડ, આંગણવાડી, પ્રાથમિક શિક્ષણ, ગ્રામ્ય સ્વચ્છતા, પાણી પુરવઠો, ગ્રામતળના પ્લોટ, જાહેર હેતુની જમીન, સ્વચ્છતા અને આરોગ્ય સહિતની ગ્રામ્ય કક્ષાની કામગીરીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

★મહેસૂલી તલાટીના કાર્યક્ષેત્રમાં મહેસૂલી અને જમીન સંબંધિત કામગીરી

મહેસૂલ વિભાગ દ્વારા નક્કી કરાયેલા જોબચાર્ટ મુજબ મહેસૂલી તલાટીની કામગીરીમાં મહેસૂલના વિવિધ અધિનિયમો અને નિયમો, હિજરતી મિલકત તથા અશાંત ધારા અન્વયેની તમામ કામગીરી, કેન્દ્ર કે રાજ્ય સરકારની જમીન સંદર્ભે જમીનના રેકર્ડ અને સર્વેને લગતી કામગીરી તથા PM-સ્વામિત્વ યોજના સંબંધિત કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત મહેસૂલી તલાટી દ્વારા જમીન મહેસૂલની વસૂલાત, બાકી લેણાની વસૂલાત, જમીન સંબંધિત રેકર્ડ અને હકોની કામગીરી, સરકારી મિલકત તથા જમીન સંબંધિત હકોની ચકાસણી, દબાણ અંગેની કામગીરી, જમીન સંપાદન, જમીન મહેસૂલ છૂટ-અગર વધ-ઘટ, જમીન મહેસૂલની વહીવટી કામગીરી, પાક ઉત્પાદન અને જમીન સુધારણા સંબંધિત કામગીરી કરવાની રહેશે.

# ભાજપની નવી ટીમમાં ગુજરાતીઓનો દબદબોઃ રાષ્ટ્રીય ફલક પર ગુજરાત ના ૪ નેતાઓને મળી મોટી જવાબદારી

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નબીનના નેતૃત્વ હેઠળ પોતાની નવી રાષ્ટ્રીય ટીમની જાહેરાત કરી છે.

આજે ૧૭ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ જાહેર કરાયેલા સંગઠનાત્મક ફેરફારમાં અનુભવી નેતાઓની સાથે નવા ચહેરાઓને પણ મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે.




## સ્મૃતિ ઈરાની અને વસુંધરા રાજે રાષ્ટ્રીય ઉપાધ્યક્ષઃ રામ માધવને પણ જવાબદારીઃ ગુજરાતમાંથી વર્ષા દોશી, જગદીશ પટેલ, રોહન ગુપ્તા અને હેમાંગ જોષીની પસંદગી

નવી ટીમમાં અગાઉ કોઈકને કોઈક કારણોસર સાઈડલાઈન કરાયેલા નેતાઓને પણ મહત્વનુ સ્થાન આપવામાં આવ્યુ છે. ખાસ કરીને સ્મૃતિ ઈરાની અને વસુંધરા રાજે સહિતના નેતાઓને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે સ્થાન મળ્યુ છે. જયારે રામ માધવને પણ રાષ્ટ્રીય સંગઠનમાં મહત્વની ભુમિકા આપવામાં આવી છે. ભાજપની નવી રાષ્ટ્રીય ટીમમાં ૧૩ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ૮ રાષ્ટ્રીય મહામંત્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે. નિતીન નબીન જાન્યુઆરી ૨૦૨૬ માં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ પાર્ટીની કેન્દ્રીય ટીમની રચનાની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી. હવે નવી ટીમની જાહેરાત સાથે નબીનના સંગઠનાત્મક નેતૃત્વની દિશા વધુ સ્પષ્ટ થતી જોવા મળી રહી છે. ટીમમાં એકતરફ લાંબા સમયથી રાષ્ટ્રીય રાજકારણમાં સક્રિય રહેલા ચહેરાઓને સ્થાન મળ્યુ છે. તો બીજી તરફ યુવા અને સંગઠનાત્મક સ્તરે કામ કરનારા નેતાઓને આગળ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય તેવુ પ્રતિત થાય છે. નવી રાષ્ટ્રીય ટીમમાં ગુજરાત માટે પણ મહત્વપૂર્ણ પ્રતિનિધિત્વ જોવા મળ્યુ છે. ભાજપની નવી રાષ્ટ્રીય ટીમમાં ગુજરાતમાંથી ૪ ચહેરાઓને મહત્વની તક આપવામાં આવી છે. વર્ષા દોશી, જગદીશ પટેલ, રોહન ગુપ્તા અને ડો. હેમાંગ જોષીને રાષ્ટ્રીય સ્તરે જવાબદારી આપવામાં આવી છે. વર્ષા દોશીને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. જયારે જગદીશ પટેલ અને રોહન ગુપ્તાને રાષ્ટ્રીય મંત્રી તરીકે સંગઠનની જવાબદારી સોંપવામાં આવી છે. ડો. હેમાંગ જોષીને ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા હોવાની માહિતી સામે આવી છે.

ગુજરાતમાંથી ૪ નેતાઓને એક સાથે રાષ્ટ્રીય સંગઠનમાં સ્થાન મળવુ રાજય ભાજપ માટે સંગઠનાત્મક રીતે નોંધપાત્ર બાબત છે. તો બીજી તરફ હેમાંગ જોષીની સંગઠનાત્મક ભુમિકા અંગે ઉપલબ્ધ તાજેતરના સ્ત્રોતો સ્પષ્ટ છે કે તેઓ જુલાઈ ૨૦૨૬ સુધી ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ તરીકે કાર્યરત હતા.

# માણસામાં વૃધ્ધ ચા વાળાને માર મારવાના આરોપ માં એએસઆઈ સસ્પેન્ડઃ સીસીટીવી સામે આવતા એસપીની કાર્યવાહી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના માણસામાં ૧૫ ઓગસ્ટના દિવસે એક વયોવૃધ્ધ ચા ની કીટલીવાળા શ્રમજીવી સાથે પોલીસ કર્મીએ કથિત રીતે મારપીટ કરી ખાખી નો રોફ બતાવ્યો નો મામલો બહાર આવ્યો છે. ઘટનાની ગંભીરતા ધ્યાને લઈને ગાંધીનગર જિલ્લા પોલીસવડા રવી તેજા વાસમ શેટ્ટીએ માણસા પોલીસ સ્ટેશનના એએસઆઈ દિનેશ ચૌધરી ને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કર્યા છે. સીસીટીવી ફુટેજની તપાસ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હોવાનુ બહાર આવ્યુ છે. પોલીસકર્મી સામેની કાર્યવાહીથી ગાંધીનગર જિલ્લા પોલીસ બેડામાં પણ ચર્ચા અને ચકચાર જોવા મળી રહી છે.



## તિરંગા યાત્રા દરમિયાન વૃધ્ધ ચા વાળાને માર માર્યાનો આરોપઃ લોકઅપમાં પૂરવાની પણ કથિત રીતે જીદ : મહિલા જજ ના ડ્રાઈવર પુત્રે એસપી સુધી પહોચાડી રજુઆત

મળતી માહિતી મુજબ ૧૫ ઓગસ્ટના રોજ માણસા શહેરમાં તિરંગા યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ દરમિયાન માણસા પોલીસ સ્ટેશનની સામે ચા ની કીટલી ચલાવતા એક વયોવૃધ્ધ શ્રમજીવી પાસે એએસઆઈ દિનેશ ચૌધરી પહોચ્યા હતા, આરોપ છે કે એએસઆઈએ કોઈ ગુન્હાહિત કારણ વિના વૃધ્ધ સાથે અભદ્ર વર્તન કર્યુ અને જાહેરમાં માર માર્યો હતો. એટલુ જ નહી તેમને ગોળી મારી દેવાની ધમકી આપીને પોલીસ સ્ટેશન લઈ જવાયા હોવાનો પણ આક્ષેપ છે. વૃધ્ધને પોલીસ સ્ટેશન લઈ ગયા બાદ એએસઆઈએ ફરજ પરના પોલીસ સ્ટેશન ઓફીસર પાસે લોકઅપની ચાવી માંગી હતી અને વૃધ્ધને લોકઅપમાં પુરવાની કથિત રીતે જીદ કરી હતી. જો કે વૃધ્ધ સામે કોઈ ગુન્હો કે કાયદેસર કારણ ન હોવાનુ જણાતા ફરજ પરના પીએસઓએ તેમને લોકઅપમાં પુરવાનો ઈન્કાર કર્યો હતો. આ ઘટનાની જાણ થયા બાદ સમગ્ર મામલો વધુ ગંભીર બન્યો હતો.

આ ઘટનાથી આઘાતમાં આવેલા વૃધ્ધ શ્રમજીવીએ સમગ્ર વાત પોતાના પુત્રને જણાવી હતી. તેમનો પુત્ર એક મહિલા જજના પ્રાઈવેટ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો હોવાનુ બહાર આવ્યુ છે. પુત્ર દ્વારા સમગ્ર મામલાની રજુઆત ગાંધીનગર જિલ્લા પોલીસવડા રવી તેજા વાસમ શેટ્ટી સમક્ષ કરવામાં આવી હતી. એસપીએ ફરીયાદને ગંભીરતાથી લઈને તાત્કાલીક તપાસના આદેશ આપ્યા હતા. એસપીના આદેશ બાદ ઘટનાસ્થળ અને માણસા પોલીસ સ્ટેશનના સીસીટીવી ફુટેજની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન વૃધ્ધ શ્રમજીવી સાથે એએસઆઈ દિનેશ ચૌધરી દ્વારા કથિત મારપીટ અને ગેરવર્તણુંક ના દ્રશ્યો કેમેરામાં કેદ થયેલા હોવાનુ બહાર આવ્યુ હતું. સીસીટીવીના આધારે મામલાની ગંભીરતા જોતા જિલ્લા પોલીસવડાએ એએસઆઈ દિનેશ ચૌધરી સામે તાત્કાલીક સસ્પેન્સનની કાર્યવાહી હાથ ધરી છે.

આ કાર્યવાહીથી પોલીસ કર્મચારીઓ માટે સ્પષ્ટ સંદેશ ગયો છે કે ફરજ દરમિયાન સત્તાનો દુરુપયોગ અથવા કાયદો હાથમાં લેવાની કોઈપણ હરકતને ગંભીરતાથી લેવામાં આવશે. ખાખી નો રોફ બતાવી સામાન્ય નાગરીક સાથે ગેરવર્તણુંક કરવાના આક્ષેપમાં એએસઆઈ સામે થયેલી કાર્યવાહી હાલ ગાંધીનગર જિલ્લા પોલીસમાં ચર્ચાનો વિષય બની છે.

# જીએસઆરટીસી ની એનઓસી વગર જ દોડી રહે છે ૨૫ સીટી બસોઃ જીએસ આરટીસી અને મહેસાણા મનપા સામ સામે

પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણા મહાનગરપાલિકાની એક અત્યંત ગંભીર અને ચોંકાવનારી બેદરકારી બહાર આવી છે. જેના કારણે શહેરના લાખો મુસાફરોના જીવ જોખમમાં મુકાયા છે.



મહેસાણામાં ચાલતી સીટી બસ સેવા માટે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી) પાસેથી જરૂરી એનઓસી લીધા વગર જ બસોનુ સંચાલન કરવામાં આવી રહ્યુ હોવાનો ખુલાસો થતા ભારે વિવાદ સર્જાયો છે. આ મુદ્દે હવે મનપા અને એસટી વિભાગ સામ સામે આવી ગયા છે. મળતી માહિતી મુજબ ઓગસ્ટ ૨૦૨૧ થી શહેરમાં સીટી બસ સેવા શરૂ કરવામાં આવી હતી. અગાઉ જયારે નગરપાલિકા હતી ત્યારે માત્ર ૮ રૂટ માટે જ એનઓસી મેળવવામાં આવી હતી. જો કે નગર પાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા બાદ સીમાડા વધતા મનપાએ સીટી બસના રૂટ વધારીને ૧૫ કરી દીધા હતા. નિયમ મુજબ રૂટ વધારતા પહેલા એસટી વિભાગ અને આરટીઓની પૂર્વ મંજુરી કે એનઓસી લેવી ફરજીયાત હોય છે. પરંતુ મનપા દ્વારા કોઈ જ મંજુરી લેવામાં આવી નથી. હાલમાં ૧૫ રૂટ પર ૨૫ જેટલી સીટી બસો બિનઅધિકૃત રીતે દોડી રહી છે.

આ અંગે જીએસઆરટીસીના અધિકારી હેતલ પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે એસટી નિગમના ધ્યાને આ બાબત આવતા જ મનપાને લેખિતમાં પત્ર લખીને ખુલાસો માંગવામાં આવ્યો હતો અને વારંવાર રજુઆતો પણ કરાઈ હતી. તેમ છતાં મનપાએ વધારાના રૂટ માટે કોઈ એનઓસી લીધુ નથી. વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાને મુશ્કેલી ન પડે તે માટે હાલ પુરતી સેવા ચાલુ રખાઈ છે. પરંતુ સમય જતાં આ બસ સેવા બંધ કરવાની ફરજ પડી શકે છે. એનઓસી વગર દોડતી આ બસોના ડ્રાઈવરો તાલીમબધ્ધ છે કે નહી તે સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. ભવિષ્યમાં જો કોઈ મોટો અકસ્માત કે હોનારત સર્જાસે તો તેની જવાબદારી કોની રહેશે તે સૌથી મોટો સવાલ બની ગયો છે.

# દારૂના હપ્તા ગાંધીનગરથી લઈ દિલ્હી સુધી પહોચે છે : સાંસદ ગેનીબેન ઠાકોર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના દાંતામાં કોગ્રેસના સ્થાનિક નવનિયુકત પદાધિકારીઓનો શપથ સમારોહ યોજાયો હતો. જેમાં સાંસદ ગેનીબેન ઠાકોર હાજર રહ્યા હતા. સભાને સંબોધતા સાંસદ ગેનીબેન ઠાકોરે કહ્યુ હતુ કે બનાસકાંઠા જિલ્લામાં યુરીયા ખાતર મળતુ નથી. પણ દારૂ કે ડ્રગ્સની હોમ ડીલીવરી થાય છે. પોલીસને તમામ જાણકારી હોવા છતાં હપ્તા ગાંધીનગર થી લઈને દિલ્હી સુધી પહોચે છે.



જયારે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યુ હતુ કે ગુજરાતમાં દારૂબંધીના ધજાગરા ઉડી રહ્યા છે. આવનારા સમયમાં રાજય વ્યાપી જનઆંદોલન કરાશે. દાંતા ખાતે યોજાયેલા કોંગ્રેસના મહાસંમેલનમાં સાંસદ ગેનીબેન ઠાકોરે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે ભાજપ બોલવા અને વર્તવામાં રાત દિવસનો ફરક છે.

બનાસકાંઠા જિલ્લામાં યુરીયા ખાતર મળતુ નથી. પણ દારૂ કે ડ્રગ્સની હોમ ડીલીવરી થાય છે, પોલીસને તમામ જાણકારી હોવા છતાં હપ્તા ગાંધીનગર થી લઈને દિલ્હી સુધી પહોચે છે. સભાને સંબોધન કરતા ગેનીબેને કહ્યુ કે દારૂના કારણે આપણા યુવાનો બરબાદ થાય છે. આપણી બહેન દિકરીઓ વિધવા બને છે. જો ગૃહમંત્રી આ દારૂના અડ્ડા બંધ નહી કરાવે તો કોંગ્રેસ દ્વારા જનતા રેડ કરવામાં આવશે. હું તો અમિતભાઈ ચાવડાને અને કોંગ્રેસ પાર્ટીને વિનંતી કરૂ છુ કે સમગ્ર બનાસકાંઠા જિલ્લા અને રાજયમાં દેશી દારૂ અને વિદેશી દારૂ તેમજ ડ્રગ્સ વેચવાવાળા આ બધાનો સર્વે કરાવો, ધારાસભ્યોનુ એક ડેલીગેશન જઈ મુખ્યમંત્રીને મળો કે તમારા રાજયમાં આટલા દેશી અને ઈંગ્લીશ દારૂના અડ્ડા છે, આ તમે બંધ કરાવો, અને બંધ નહી કરાવો તો કોંગ્રેસ જનતા રેડ પાડીને આ યુવાનોને બરબાદીથી બચાવવા માટેનુ કામ કરશે.

કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે ૫૬ ની છાતીની વાતો કરતા અને રાહુલ ગાંધી તથા કોંગ્રેસ નેતાઓને ગાળો દેતા વડાપ્રધાન આજે દેશના યુવાનોની અગાઉ કયારેય ન ખાધી હોય તેટલી ગાળો ખાઈ રહ્યા છે. લોકસભાના સત્ર દરમિયાન ૧૯ દિવસમાં ગૃહમંત્રીને ગૃહમાં આવીને યુવાનોને જવાબ આપવાની હિંમત ચાલતી નથી. પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ ભાજપ સરકાર પર ભ્રષ્ટાચાર અને દારૂના વેપલા અંગે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ કે ગુજરાતમાં દારૂબંધીના ધજાગરા ઉડી રહ્યા છે. જેને લઈને આવનારા સમયમાં રાજયવ્યાપી જનઆંદોલન શરૂ કરવામાં આવશે.

# આદિવાસીઓના હક્કો પર ધાડ : શું ઓબીસી જ્ઞાતિના લોકો રાતોરાત આદિવાસી બની શકે?

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સંજેલી તાલુકામાં નકલી એસટી પ્રમાણપત્ર થી સરકારી નોકરીઓ અને મેડીકલ સીટો હડપવાનુ મહાકૌભાંડનો આક્ષેપ સાથે મામલતદારને રજુઆત કરાઈ છે. રાવળ અને રાવત જ્ઞાતિના લોકો અસલી કે નકલી જવાબદાર અધિકારીઓ દ્વારા તપાસ બાદ સાચી હકીકત બહાર આવશે.




સંજેલી તાલુકામાં આદિવાસી પરીવાર દ્વારા ડુપ્લીકેટ એસટી સર્ટી ધરાવનાર પર વિરોધ કરી સુત્રોચ્ચાર સાથે મામલતદાર કચેરી આવેદનપત્ર આપી તપાસની માંગ કરવામાં આવી છે. શું ઓબીસી જ્ઞાતિના લોકો રાતોરાત આદિવાસી બની શકે ? શું સરકારી અધિકારી સાથે મળી આદિવાસી સમાજનો હક્ક છીનવી શકાય ? દાહોદ જિલ્લાના સંજેલી તાલુકામાંથી આ ચકચારી બનાવ બહાર આવ્યો હતો. નકલી પ્રમાણપત્રનો એક એવો પર્દાફાશ થયો છે. જેને સમગ્ર ગુજરાતના રાજકારણમાં અને પ્રશાસનમાં ખળભળાટ મચાવી દીધો છે. સંજેલી અને સીંગવડ તાલુકામાં મુળ હિન્દુ રાવળ જ્ઞાતિના લોકોએ ષડયંત્ર રચીને અનુસુચિત જનજાતિ એસટી સમુદાયના બોગસ પ્રમાણપત્ર મેળવી લીધા હોવાનો આદિવાસી પરીવારે આક્ષેપ કર્યો છે. યુવરાજસિંહ નેતા દ્વારા સોશીયલ મીડીયામાં પેઢીનામુ સહિતના અનેક પુરાવા અને સર્ટી સાથે પુરાવા આપી સૌથી મોટો આક્ષેપ થતા બોગસ એસટીની સર્ટી ધરાવનારાઓમાં દોડધામ મચી જવા પામી છે. રાવળ અને રાવત પરીવારો એક જ લોહીના સગા છે. શાળાના વયપત્રકો અને જુના મહેસુલી રેકોર્ડમાં પણ જેની મુળ જ્ઞાતિ હિન્દુ રાવળ જ નોંધાયેલ છે. પરંતુ સરકારી અમલદારોની મીલીભગતની એસટીના દાખલા કઢાવીને આદિવાસી સમાજની અનામત યોજનાઓ અને શૈક્ષણિક સીટો પર તરાપ મારવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો છે. આ કૌભાંડ કરનારાઓના નામ જોગ સંજેલી મામલતદાર ને પુરાવા સાથે આવેદનપત્ર આપી તટસ્થ તપાસ કરી ફોજદારી ગુન્હો નોંધવાની માંગ કરી છે. આવેદન પત્રમાં આપેલ નામોમાં (૧) કિરણ રાવળ સંજેલી તાલુકા ભાજપનો મંડળનો મહામંત્રી , એન કે નર્સિંગ કોલેજ પ્રમુખ, ભાઠીવાળા ખાતે એસટી કોટા હેઠળ પેટ્રોલ પંપ મેળવ્યો છે (૨) કમલેશ રામસીંગ રાવળ સંજેલી એપીએમસી ડીરેકટર (૩) માનસીગ રાવળ લીમડી પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ (૪) સંતોષભાઈ રાવળ ફતેપુરા તાલુકામાં તલાટી કમ મંત્રી તરીકે સેવા આપે છે અને હાલ તેમની બદલી દેવગઢ બારીયામાં ફરજ બજાવે છે.

આવેદનપત્ર સાથે આપેલા પુરાવાઓમાં (૧) રાવળ રામસીંગભાઈ રાવજીભાઈનુ જાતિ પ્રમાણપત્ર નંબર ૧૪૪૪ તારીખ ૧૬/૭/૮૭ (૨) મંડેર ગામે ખાતા નંબર ૨૨૩ સર્વે નંબર ૧૯૨ ની નકલ (૩) મંડેર ગામનો સર્વે નંબર ૩ ની નકલ નોધ નંબર ૮૮૪, ૮૮૯ , ૯૧૧ અને ૯૧૪ (૪) નાની સંજેલી ગામના સર્વે નંબર ૬૬ અને ૬૮ ની નોધ નંબર ૪૫૯ અને ૪૯૯ નકલ (૫) રમણભાઈ રૂપસીંગભાઈ રાવળ જીઆર નંબર ૨૫૨૯ ની ઝેરોક્ષ નકલ (૬) વાઘાભાઈ કેશરાભાઈ રાવળની સર્વિસબુકના પ્રથમ પેઝની નકલ (૭) કમલેશ રામસીંગ રાવળનુ જાતિ પ્રમાણપત્ર સહિત ના પુરાવા આપેલ છે.

# સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા કળશ વિતરણ કાર્યક્રમ યોજાયો : જિલ્લાના ૧૪ મંડલોમાં કળશ ફરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

## સામાજિક સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત સંત શીરોમણી શ્રી ગુરૂ રવિદાસ મહારાજની ૬૫૦ મી જન્મજયંતિ નિમિત્તે કાર્યક્રમ યોજાયો



સંત રવિદાસના સમરસતાના સંદેશ સાથે શ્રી રવિદાસ મહારાજની જન્મભુમિની પવિત્ર માટી ભરેલા કળશ સાથે રથ સાબરકાંઠા જિલ્લાના ૧૪ મંડલોના ગામમાં દરેક સમાજ સુધી પહોચાડવાનો ભાજપ દ્વારા કાર્યક્રમ અંતર્ગત આજે સોમવારે પ્રદેશમાંથી વિવિધ સ્થાનોમાં ફરી કળશો હિંમતનગર આવેલ જે અંતર્ગત આજે સોમવારે હિંમતનગર ખાતે ભોલેશ્વર મહાદેવ મંદિરે કળશ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રદેશ ભાજપ અનુસુચિત જાતિ મોરચાના મહામંત્રી અને કાર્યક્રમના મુખ્ય મહેમાન દેવેન વર્મા એ જણાવેલ કે સામાજિક સમરસતાના ભાગરૂપે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંત રવિદાસજી ની ૬૫૦ મી જન્મજયંતિ વર્ષને રાષ્ટ્રીય સ્તરે ઉજવવાનો મુળ ભાવને ગુજરાતના દરેક ગામ અને દરેક સમાજ સુધી પહોચાડીને આ અભિયાનને જનજન સુધી પહોચાડવાનુ આપણુ લક્ષાંક છે. પૂર્વ પ્રધાનમંત્રી અટલજીએ લીધેલા ઐતિહાસિક નિર્ણયો લોકશાહીના મુલ્યોને મજબુત કરવાની તેમની પ્રતિબધ્ધતા અને જનહિત લક્ષી સુશાસન માટેનુ તેમનુ અવિસ્મરણિય યોગદાન દેશવાસીઓને હંમેશા પ્રેરણા આપતુ રહેશે. સંત રવિદાસજીના વિચારો, જીવન દર્શન અને સમરસતાના સંદેશ ને સમાજના છેવાડાના માનવી સુધી પહોચાડવાનુ એક રાષ્ટ્રીય અભિયાન છે. ૬૫૦ વર્ષ પહેલા એક સામાન્ય પરીવારમાં જન્મેલા સંત ગુરૂ રવિદાસજીએ સમાજને જ્ઞાન, ભકિત, માનવતા અને સમરસતાનો માર્ગ બતાવ્યો હતો. ગુરૂ સંત રવિદાસજીના માનતા હતા કે મનુષ્ય જન્મ કે જાતિના આધારે શ્રેષ્ઠ બનતો નથી. પરંતુ પોતાના કર્મો અને માનવતા પ્રત્યેના પ્રેમથી મહાન બને છે. આ પ્રસંગે જિલ્લા સંગઠન પ્રભારી બ્રિજરાજસિંહ ઝાલા, જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, ધારાસભ્ય, પૂર્વ સાંસદ રમીલાબેન બારા, જિલ્લા મહામંત્રી પ્રેમલ દેસાઈ, બિપીન ઓઝા, કાર્યક્રમના પ્રભારી રાજુભાઈ પરમાર, અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ ભાનુભાઈ દેસાઈ સહિત અનેક આગેવાનો અનુસુચિત જાતિ સમાજના સમગ્ર જિલ્લામાંથી આગેવાનો હાજર રહ્યા હતા.

# કોપર વાયર ચોરતી ગેંગ ઝડપાઈઃ વાસણા વિસ્તારમાંથી ડુપ્લિકેટ AMC કર્મચારીઓની ટોળકી ઝડપાઈ

## કોઈને શંકા ન થાય તે માટે AMC કર્મી જેવા જેકેટ અને સાધનો સાથે સજ્જ થઈને ટ્રાફિક નિયમન પણ કરતા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વાસણા વિસ્તારમાંથી ડુપ્લિકેટ **AMC** કર્મચારીઓની ટોળકી ઝડપાઈ છે. ટોળકીમાં રહેલા શખ્સોએ **AMC** કર્મી જેવા જેકેટ અને સાધનો સાથે સજ્જ થઈને ખોટી ઓળખ આપીને સિક્યોરિટી ગાર્ડને બેસાડી દીધો હતો. બાદમાં ક્રેનથી **BSNL**ના ડકટ ખોલીને કોપર વાયરની ચોરી કરતા હતા. આરોપીઓ એટલા ચાલાક હતા કે કોઈને શંકા ન થાય માટે રેડિયમ જેકેટ પહેરીને રોડ પર ટ્રાફિક મેનેજ કરીને કોપર વાયરની ચોરી કરતા હતા.

લગભગ ૭ લાખના કોપરની ચોરી બદલ પોલીસે રવિકાંત શર્મા, વિષ્ણુ યાદવ, જિતેષ યાદવ, રાહુલ ભરવાડને ઝડપી ફરાર સાગરીતોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

વાસણામાં ગત તા. ૧૫ ઓગષ્ટે રાત્રે કેટલાક શખ્સો એએમસીના રેડિયમ જેકેટ પહેરીને આવ્યા હતા. આ શખ્સોએ બીએસએનએલના સિક્યોરીટી ગાર્ડને એએમસીના કર્મચારીની ઓળખ આપીને બેસાડી દીધો હતો. બાદમાં મોડી રાત્રે ક્રેન લઈને બીએસએનએલના ડકટ ખોલીને તેમાંથી કોપર કેબલ વાયરો કાઢવાની કામગીરી શરૂ કરી હતી. આ ટોળકીએ કોઈને શંકા ન જાય તે માટે આબેહુબ એએમસીના કર્મી જેવો સ્વાંગ રચ્યો હતો અને લાઈટ સહિતના સાધનો રાખીને ટ્રાફિક નિયમન કરીને બિન્દાસ્ત રોડ પર સાતેક લાખના વાયરોની ચોરી કરી હતી. બીએસએનએલના સ્ટાફને આ મામલે જાણ થતાં ટીમે ત્યાં જઈને દૂરથી વોચ ગોઠવી હતી અને પોલીસને જાણ કરી હતી. વાસણા પોલીસની ટીમ પહોંચતા જ કેટલાક લોકો ભાગી ગયા હતા.

# ૧૦ હજારની લાલચમાં ખાતું ભાડે આપનાર સહિત બે સામે ગુનો દાખલ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

મણિનગરમાં સાયબર ફ્રોડના નાણાં જમા કરવા બેન્ક ખાતું ભાડે આપનાર અને મેળવનાર બે શખ્સો સામે પોલીસે ગુનો નોંધી એક આરોપીની ધરપકડ કરી છે. આ બેન્ક ખાતા સામે દેશભરમાંથી સાયબર ઠગાઈની ૨૦ ફરિયાદો નોંધાઈ હોવાનું અને કુલ રૂ. ૭૧.૩૫ લાખની નાણાકીય હેરફેર થઈ હોવાનું તપાસમાં ખૂલ્યું છે.વધતા જતા સાયબર ક્રાઈમના ગુનાઓને ધ્યાનમાં રાખીને ગુજરાત પોલીસે ‘ઓપરેશન મ્યુલ હન્ટ’ શરૂ કર્યું છે, જેના અંતર્ગત સાયબર ઠગાઈના નાણાં જમા થતા હોય તેવા ખાતાધારકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. મણિનગર વિસ્તારના એક શંકાસ્પદ બેન્ક ખાતામાં રૂ. ૭૧.૩૫ લાખની શંકાસ્પદ નાણાકીય હેરફેર થયાની માહિતી મણિનગર પોલીસને મળી હતી. પોલીસે પુનિત આશ્રમ નજીક રહેતા ૫૬ વર્ષીય હરપાલસિંગ સિંધની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં ખુલાસા મુજબ, આરોપીએ રૂપિયા કમાવવાની લાલચમાં આવીને વર્ષ ૨૦૨૪માં પોતાના મિત્ર ધર્મેન્દ્રસિંહ રાજપૂતને પોતાનું બેન્ક ખાતું રૂ. ૧૦,૦૦૦ ભાડે આપ્યું હતું. પોલીસ તપાસ દરમિયાન આ બેન્ક ખાતા સામે આંધ્ર પ્રદેશ, દિલ્હી, હરિયાણા, મહારાષ્ટ્ર, પંજાબ, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર, કર્ણાટક અને પશ્ચિમ બંગાળ સહિતના વિવિધ રાજ્યોમાં સાયબર ઠગાઈની ૨૦ ફરિયાદો નોંધાઈ હોવાનું બહાર આવ્યું છે. આ ખાતામાં કુલ રૂ. ૭૧.૩૫ લાખ ફ્રોડના નાણાં જમા થયા હતા.